

કવિ જેઠાલાલ લાલજી દેસાઈ



શ્રીમંત સરકાર પ્રતાપસિંહ મહારાજ ગાયકવાડ.
સેના ખાસખેલ, સમશેર બહાદૂર



શ્રીમંત સૌભાગ્યવતી મહારાણી શાંતાદેવી ગાયકવાડ

રાજ્યાભિષેક કાવ્યાંજલિ

(શ્રી. સરકાર મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ
એઓશ્રીના એપ્રિલ ૧૯૩૯ માં થએલા રાજ્યાભિષેકનું વર્ણન)

કવિ મુજુમદાર જેઠાભાઈ લાલાજી દેસાઈ

સંપાદક,
રમણલાલ વસંતલાલ દેસાઈ,
એમ. એ.
વડોદરા.

પ્રકાશક:—વિષ્ણુ પાડુરંગ નેને,
હજુર કચેરી, વડોદરા.

કિંમત ૧। રૂપયા.

મુદ્રક,
મંગેશ નારાયણ કુળકર્ણી,
કર્નાટક પ્રેસ,
ચિરાબઝાર, મુંબઈ ૨

પ્રસ્તાવના

શ્રીમંત મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ એમના રાજ્યાભિષેકનો માંગલિક પ્રસંગ વડોદરા રાજ્યની પ્રજાએ ભારે ઉત્સાહથી ઉજવ્યો. રાજા, રાજ્ય વહિ-વટ અને પ્રજાની એકતાની એ ધન્ય ઘડી હતી.

એ પ્રસંગની ક્રિયા, એ પ્રસંગનો દબદબો, એ પ્રસંગનો વ્યાપક અને ઉછ-ળતો ઉત્સાહ કાવ્યમાં જળવાઈ રહે, એ માટે યોગ્ય કવિની પસંદગીનું કામ મને સોંપાયું, અને મ્હેં બે ત્રણ નામો સૂચવ્યાં. તેમાં વયોવૃદ્ધ કવિશ્રી જેઠાલાલ લાલાજી દેસાઈની છેવટની પસંદગી થઈ.

કવિશ્રી જેઠાલાલ દેસાઈ રાજ્યના વતનદાર છે. તેમણે રાજ્યને અનુલક્ષીને ઘણાં કાવ્યો લખ્યાં છે, અને હજી પણ લખે જાય છે. એવી તેમની લાંબા સમયની રાજભક્તિ છે.

ગુજરાતી સાહિત્યનો નવીન યુગ રચનાર દલપત અને નર્મદ એ બે કવિઓ કવિશ્રી જેઠાલાલ દેસાઈ દલપત શૈલીના શિષ્ટ અને કવિ ‘ જેઠમ ’ તરીકે પ્રસિદ્ધિ પામેલા લોકપ્રિય કવિ છે. ગુર્જર સાહિત્યના અત્યંત માનવંત કવિ ન્હાનાલાલ દલપતરામે પણ કવિ જેઠમની પ્રશસ્તિ લખી તેમને બહુમાન આપ્યું છે. કવિ જેઠમને સરસ્વતી પ્રસન્ન છે. અને શિઘ્ર કવિતા પણ તેઓ રચી શકે છે. દલપત શૈલીમાં છંદ અને ભાષાની વિશુદ્ધિ ઉપર ખુબ ભાર મૂકવામાં આવે છે. ઉપરાંત વર્ણનને પણ મહત્વ અપાઈ તેમાં કલ્પના અને ચાતુર્યને પણ સ્થાન આપવામાં આવે છે. એ સર્વે વિશિષ્ટતા કવિ જેઠમે સાચવી રાખી છે.

ઉપરાંત દલપતશૈલીમાં રંજનનો પણ ગુણ સમાએલો છે. સભારંજન એ દલપતશૈલીનું ખાસ અંગ છે. જેમ વ્યક્તિગત ભાવ એક વ્યક્તિને માટે પણ લખાય, તેમ સામુદાયિક બનતા ભાવ આખા સમુદાયને અનુલક્ષીને લખાય. વર્તમાન કવિતા જાણે સમુદાયને વિસરી જતી હોય એમ દેખાય છે. પથા-રીમાં એકલા સૂતે સૂતે આરામ ખુરશીમાં કોઇની પણ દખલગિરી વગર વાંચી લેખાય એવી જ કવિતાને આજકાલ કવિતા કહેવાનો રિવાજ પડી ગયો છે. એ દૃષ્ટિએ દલપલશૈલીનું ખૂબ વગોણું કરવામાં આવ્યું હતું. પરંતુ કવિતા એ સમૂહરંજનનું સાધન હોવા ઉપરાંત સમૂહને ઘડનારું બળ છે,

એમ હવે ધીમે ધીમે સ્વીકારાતું જાય છે. એટલે વ્યક્તિગત કવિનાં દુઃખઃદર્દો ઉપરાંત પ્રજાજીવનનાં સુખદુઃખ, ઉત્સાહ અને આનંદ પણ કાવ્યનો વિષય બની શકે છે, એમ ચોકકસ મનાવા લાગ્યું છે.

આપણે ત્યાં પ્રાચીન કાળથી મહત્ત્વના રાજકીય પ્રસંગોને કવિતાનું સ્વરૂપ આપવાની પ્રથા છે. એ કાવ્યોમાંથી આપણે પ્રાચીન ઇતિહાસ મેળવી શકીએ છીએ, પ્રાચીન સમાજની સ્થિતિ સમજી શકીએ છીએ, અને કાવ્યમાં સચવાયેલા રીતરિવાજો અને ભાવનાઓને પણ ઓળખી શકીએ છીએ. આવાં કાવ્યો એ આપણા ઇતિહાસો હતા એમ કહીએ તો ચાલી શકે.

ગુર્જર નરેશ શ્રીમંત મહારાજા પ્રતાપસિંહ એમનો રાજ્યાભિષેક એ વર્તમાન પ્રજાને માટે તો અપૂર્વ પ્રસંગ હતો. રાજકર્તાની સંસ્થાના પણ ગુણદોષ હોય જ. સર્વ પ્રજાકીય સંસ્થાઓના પણ ગુણ અને દોષ આજના જગતમાં આગળ તરી આવે છે. એવા એક ઝડપી ભાવનાઓવાળા યુગમાં વડોદરાની પ્રજાએ રાજ્યાભિષેકનો પ્રસંગ કેવી રીતે ઉજવ્યો એની નોંધ કાવ્યસ્વરૂપમાં રહે એ ખરેખર ઇતિહાસ અને પ્રજાસંસ્કારની દૃષ્ટિએ બહુજ ઇચ્છવા યોગ્ય કહેવાય. રાજકર્તામાં પ્રજા પોતાના હિતસમસ્તની, પોતાના આદર્શોની, પોતાના સંસ્કારોની અને પોતાની અભિલાષાઓની જીવંત મૂર્તિ નીહાળે, એ પ્રસંગ કાવ્યપ્રેરક છે. એવા એક મહાપ્રસંગની નોંધ કવિશ્રી જેઠમે રાજ્યાભિષેક કાવ્યાંજલિમાં લીધી છે.

આશા છે કે કવિશ્રીની વાણીએ એ પ્રસંગનાં આંદોલનો બરાબર ઝીલ્યાં હોય. વર્ણનો નીચે તરી આવતી શ્રીમંત પ્રત્યેની પ્રજાપ્રેમની ભાવના કાવ્યના સહેજ વાચનથી પણ સ્પષ્ટ થાય એમ છે.

ભવ્ય રાજ્યાભિષેકથી શરૂ થયેલી કારકીર્દી અનેક કાવ્યોનો વિષય બનો!

અને કવિશ્રી જેઠમ સરખા રાજભક્ત, સંસ્કારી, અનુભવી અને વિદ્વાન કવિઓ દ્વારા એ કારકીર્દીનાં જ્વલંત સ્મરણો ચીરંજીવી રહો!

આથી વધારે કાંઈ મારે પ્રસ્તાવનામાં કહેવાનું હોય નહી. કાવ્યનું વાચન બાકી રહેલું સઘળું કહેશે.

રમણલાલ વસંતલાલ દેસાઈ

શ્રીમંત સરકાર મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ

રાજ્યાભિષેક કાવ્યાંજલિ

વિષયાનુક્રમણિકા

વિષય	પાનું.
૧. ગણપતિનું સ્તવન	૩
૨. આશીર્વચન	૫
૩. આનંદપ્રદર્શન	૮
૪–૫. શહેર શૃંગાર	૧૫
૬. રોશની	૧૯
૭. આતશબાજી	૨૨
૮. માનવંતા રાજપ્રાહુણા	૨૪
૯. ધર્મવિધિ તથા અન્ય કાર્યો	૨૮
૧૦. રાજ્યાભિષેક	૩૩
૧૧. અભિનંદન દરબાર	૪૦
૧૨. સ્વારીવર્ણન	૪૨
૧૩. દેવદર્શન	૪૮
૧૪. મહત્ પ્રસંગો	૫૧
૧૫. રાજ્યાભિષેક પ્રશસ્તિ	૭૭
૧૬. અભિલાષા	૮૦

રાજ્યાભિષેક કાવ્યાંજલિ

૧ સ્તવન

સ્ત્રગ્ધરા વૃત્ત

ગ્રંથારંભે સ્મરૂંછું સ્તવન હું કરીને સિદ્ધિબુદ્ધિપતિને,
જેને દેવો સરીખા સુરપતિ નમતા પૂજ્ય યોગી યતિને;
પૂજાયે સર્વ પ્હેલા ગણુપતિ સહુથી શુભ કામે સદાયે,
જેને સંભારવાથી સકળ મન તણા અર્થ તે પૂર્ણ થાયે! ૧

વિઘ્નોને નાશકર્તા શિવસુત સુખ ને સિદ્ધિને આપનારા,
હામી હેરંબ દાતા, સિંદુર વદનના પાર્વતી શિવ પ્યારા!
ચારૂચારે ભુજા છે ગજમુખ દીપતું ચંદ્ર ભાલે બિરાજે,
ધાર્યુ છે પુષ્પ હસ્તે કર ધરિ ફરસી મોદકે ભક્ષ કાજે. ૨

એવા છે એકદંતા મુષક ઉપર છે શોભતી જેની સ્વારી,
તેને હું શિર નામું કૃતિ શુભ કરવા નમ્ર વાણી ઉચ્ચારી,
ઇચ્છા હું દીન દાસે કરી પ્રભુ લખવા ભૂપચારિત્ર ચારૂ,
નિર્વિઘ્ને તે લખાવો ગણુપતિ મુજથી એ કરો કાર્ય મારૂં, ૩

રીઝે વાંચી સુણીને નૃપ વટપુરના નામ જેવા પ્રતાપી,
વાંચે ચારિત્ર જેનું મન થકી જનતા હર્ષ રે' દિલ વ્યાપી.
માગું એ સ્વામી પાસે મહિપતિ રીઝવું ધર્મસેવા બજાવું,
જેઠાભાઈ કવિએ પ્રથમ સુખદ લહ્યું આપનું શર્ણુ સ્હાવું, ૪

હરિગીત વૃત્ત

હે બ્રહ્મપુત્રી વાણીદેવી શ્વેત અંબર ધારિણી,
સ્ફટિક માળા હસ્ત પુસ્તક તાપ ત્રિવિધ હારિણી,
સુંદીર વીણા શોભતી કર મયુર વાહન બેશ છે,
ત્રિલોક મહિમા શારદા તુજ દિશ દશ ઉજેશ છે. ૫

તુજ ગુણ ગાયે વેદ નારદ સુર અજ શંભુ સ્તવે,
પુરાણ પણ ત્હારે પ્રતાપે પૂર્ણ વ્યાપી તું ભવે,
પંડિત કવિની તું જ માતા, કીર્તિને દેનાર છો,
મન અર્થ પૂરી તેમના વિદ્યા સહૂનો સાર છો. ૬

એવી જનુની સૂખદાતા ચરણ નામું શીરને,
કર જોડી માગુ વાણી નિર્મળ શ્રેષ્ટ રચવા ગ્રંથને.
એ ગ્રંથ છે ચારિત્ર જેમાં વર્ણવું ભૂપાલનું,
તું દે મતિ ને હામ કથવા કર્મ બુદ્ધિ વિશાલનું. ૭

માજી મ્હને આધાર ત્હારો તું જ કરતી સ્હાયતા,
ત્હેં આપી છે નિર્મળ મતિ બહુ ગ્રંથ કીધા શોભતા.
આ સમય તો છે જૂજવો તો નમી વારંવાર હું
માગું કૃપા મા તાહ્યરી હું દાસ વિનયે એક હું. ૮

ચારિત્ર ગાયકવાડશ્રીનું રસભર્યું વર્ણાવજે,
મુજને કરી છે સ્હાય કરુણા દાસ ઉપર લાવજે,
આ ગ્રંથ રચતા પ્હેલ તુજને નમન કરિને વીનવી
આરંભ પ્હેલાં તુજ ભરોસે જેષ્ટભાઇ છે કવિ. ૯

૨ આશીર્વચન

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

નિત્યે માંડવી શિખરે વટપુરે ધર્મીધ્વજા ઊડતી,
એ તો ગાયકવાડી પુન્ય જણવે ને રાજ્યનીતિકૃતિ,
કીધું રાજ્ય સયાજીરાવ નૃપતિ કીર્તિ રચ્યા ભૂતલ,
પામો એજ પ્રતાપસિંહ યશને, ત્રાતા કરો મંગલ. ૧

દાદાએ દશ દિશ દૃષ્ટિ કરીને ખામી તપાસી ખરી,
બુદ્ધિના બળથી સુધારી સરવે રીતિ ઉંડા ઉતરી,
જેની જાતની જોડી શોધી ન મળે આ જક્તમાં નિશ્ચલ,
એવા પૌત્ર પ્રતાપસિંહ નિવડો હોજો સદા મંગલ. ૨

આપ્યાં માગણી વિણ સુખ હકને, રાજી પ્રજાને કરી,
દેવા લાભ વિશેષ હાંસ હૃદયે પૂરી શ્રીમંતે ધરી,
બાકી જે રહી પૌત્ર પૂર્ણ કરજો લેવા અહીં સુફલ,
આપો ઇષ્ટ વિચાર પુખ્ત નૃપને નિત્યે હજો મંગલ. ૩

જન્મે લક્ષણ પુત્રનાં પરખીએ હોયે સુતો પાલણે,
જોઈ રાજ્ય પ્રતાપસિંહ વીરની રીતિ કૃતિ આપણે,
રાખે છે અભિલાષ ઉચ્ચ જનતા તેનાં ફળો સુફલ,
આપો શિઘ્ર પ્રતાપસિંહ નૃપતિ હોજો સદા મંગલ. ૪

ઢંઢેરો પ્રકટાવી નિજ જનને હેતુ જણાવ્યો નૃપે,
એ તો જાગૃતિનો વિચાર નિપજ્યો સુકૃત્ય પૂર્વીતપે,
ઢંઢેરો પ્રભુ પૂર્ણ સત્ય કરજો આપી મતિ ને બળ,
પાળી બોલ પ્રતાપસિંહ કરજો સર્વે રીતે મંગલ. ૫

રાજ્યારોહણનું મુહૂર્ત સઘળા હિન્દેય જાહેર છે,
તારીખે ખટવીસ ને બુધ દીને હર્ષે ભર્યું શે'ર છે.
એ આનંદ ફરી વળ્યો જગજગે છે શુભ આવી પલ,
પામો સુખ પ્રતાપસિંહ નૃપતિ નિત્યે કરો મંગલ. ૬

આપો ભાસ્કર તેજ લક્ષ્મી ધનને વિદ્યા મતિભારતી,
વિષ્ણુ ભક્તિ દયા ક્ષમા ભગવતી દીયો સદા શોભતી,
કાન્તિ શાન્તિ શશી અને મુનિ દીયો માર્કંડ આયુર્બલ,
આપો વૈભવ શંભુ રાજ્યપતિને નિત્યે હજો મંગલ. ૭

પામો આશિષ ઉંડી દીન જનની ખેડુત સર્વે તણી,
હૂવા સૌ હકદારનીય મળજો પૂછી પીડાને હણી,
પામો સૂખ કુટુંબનું મહીપતિ કાર્યો કરો ઉજ્વલ,
જેઠાભાઈ કવિ શ્રીમંત નૃપનું ઇચ્છે સદા મંગલ. ૮

મધુભાર છંદ

ધન્ય દિવસ એશ, પધાર્યા નરેશ, જેનો યશ ઉજેશ, ચારે દિશે એશ.
જેમ દીપે દિનેશ, નૃપ ગુણી વિશેષ, જેનો સાદો વેષ, નહીં રીસ લેશ. ૯

નહીં ક્રોધ દ્વેશ, આનંદી હમેશ, સુખ શાંતિ એશ, આપો જગેશ,
એ પ્રતાપ રાજધર્યો, શીર તાજ, જોઇ ઉત્તમ કાજ, રીઝયો જનસમાજ ૧૦

કરે પ્રજા અવાજ, દુઃખ રૈયત દાઝ, રહેવાને લાજ, મન લે મહારાજ,
દીનના નિવાજ, છે સુખનું ઝાઝ, જન શાન્તિ સાજ, મળ્યો ધન્ય આજ. ૧૧

કરૂણા અપાર, નૃપતિ ઉદાર, પ્રજા ઉપર પ્યાર, ગુણનો ભંડાર,
જનસુખકાર, શાન્તિનું આગાર, ભયને હરનાર, નીતિ દીલદાર. ૧૨

દીનનો આધાર, સદ્‌વસ્તુ સાર, તેને સૃજનહાર, રીઝો શિવ મોરાર,
દ્યો સંપત્તિ અપાર, વિમળા વિચાર, તન ને પરિવાર, રહો કુશળ સાર. ૧૩

ગુણ નૃપ ગવાય, પ્રજા સુખી થાય, મળે શુદ્ધ ન્યાય, વટપુરનો રાય
દીર્ઘાયુષી થાય, નમિ પ્રભુને પાય, એ જ જેઠમ ચ્હાય, મધુભારગાય. ૧૪

ગીતિ

જય હો જય હો, જય હો, અચલ રહો આ ધર્મ રાજ્યગાદી !
જેઠમ કવિ અંતરની આશિષ દઇને ઇચ્છે આબાદી. ૧૫

૩ આનંદપ્રદર્શન

૧

વસંતતિલકા વૃત્ત

અત્રે મહોત્સવ થયો વિરક્ષેત્ર ભારે,
એ રાજ્યરોહણ તણો જનતા ઉચ્ચારે.
એ ઠાઠમાઠ થકી પૂરણ ઉઝવાયો,
જે હિન્દ માંહી સઘળે સહુને જણાયો. ૧

શોભા નિહાળી વટપત્તનની પ્રજાએ,
જે ભાગ્યવાન નજરે નીરખી ઘણાએ,
જે રૈયતે નથી દીઠી નજરે નિહાળી,
આવી થતી નથી જ મોહમયી દિવાળી. ૨

રાજ્યાભિષેક થયલા અહીંએ નૃપોના
દીઠા નથી, નથી સુણ્યા દિન વૈભવોના.
હિન્દે હશે કંઇ થતા નવલા તમાશા,
તેથી અધિક જુજવા વિરક્ષેત્ર ભાસ્યા. ૩

આ હર્ષ વાત ઉમદી ચિરકાળ રે'વા
વાધ્યો ઉમંગ કવિને લખવા કહેવા
એ તો પ્રતાપસિંહની કરૂણા કથાઇ,
આનંદ કાવ્ય ઉચરે કવિ જેષ્ટભાઇ. ૪

૨

કવિત

વડોદરામાંહિ માંગલિક અવસર આવ્યો,
મહોત્સવ ઉજવાયો રાજ્ય-અભિષેકનો,
શ્રીમંત પ્રતાપસિંહ પુન્યવાન ભાગ્યવાન
સમારંભ થયો શ્રેષ્ઠ જોવા યોગ્ય જેમનો.
આવો તો કદી પ્રજાએ દીઠો નથી સુણ્યો નથી,
પ્રજા પણ ભાગ્યશાળી શેઠીઆ ને સજ્જનો.
શોભા જોવા સમો આવ્યો જેમને અવર્ણનીય
આનંદનો ભેટો થયો જહીં એકમેકનો. ૫

૩

રાજ્યારોહણની વાત હિન્દમાં પ્રકટ થઇ,
ચારે ખુણે જાણી જને પત્રસમાચારથી,
તલપી રહેલા લોક વટપુર શોભા જોવા,
વડોદરા રાજ્યના ને બહુ લોક બ્હારથી.
રાજ્ય-અભિષેક હતો છવ્વીસ એપ્રીલ દિને
મહીના અગાઉ ધરી બેઠા હોંસ ત્યારથી.
દિવસ નજીક આવે તેમ તેમ હર્ષ વધે
કંઇ તો ફારક થયા ગૃહકારભારથી. ૬

૪

સુખડીઆ જાગ્યા અને મીઠાઈ તૈયાર કરી
સમારંભ ઉપર વેચવા જાતજાતની,
સુથાર લુહારે પણ સુસ્તીને ઉડાવી દીધી,
કારીગરે વાળી નથી સોડને નિરાંતની.
મુલ્લાંજીઓ મલકાય દારૂખાનું વેચવાને,
ખુશાલી પ્રકટ થઈ વ્હોરાની જમાતની.
કાચનો સામાન વેચનારે માલ ભેગો કર્યો,
કાપડીઆઓએ રાખી ખબર આયાતની. ૭

હુન્નરી ને કારીગરો આંગળીના વેઢા ગણે,
કાછીયા કુંભાર ને મેરાઇ મકલાય છે.
લ્હારીઓથી વસ્તુઓને વેચનાર ઉમંગમાં,
માળીઓ કુસુમ માટે બાગે પાણી પાય છે.
પત્રસમાચાર વાળા દૈનિક ને સાપ્તાહિક
ખબર નવીન તાજી મેળવવા ચ્હાય છે.
ફોટોગ્રાફરોએ નિજ સાજને તૈયાર કર્યો
મેવો વેચનાર પણ હૈયે હરખાય છે. ૮

માદક વસ્તુના વેચનાર શેખચલ્લી સમા
પટવા ને પાનવાળા તંબોળી છે તાનમાં;
મોચીઓએ ગોઠવણી બુટની તો શરૂ કરી,
ભભકો જણાયો હેરકટીંગ દુકાનમાં.

ભગા રાતે ભાવને બઢાવ્યો વાળ કાપવાનો
રેડીયો ને ફોનોગ્રાફ ગુલતાન ગાનમાં.
વાજિંત્ર વાગી રહ્યાં છે કલાકાર હાથ થકી
જેઠમ શોભા ને થઈ સફાઇ ઉદ્યાનમાં. ૯

ગુજરીમાં વસ્તુ વેચનાર પણ સજ્જ થયા,
કંસારાઓ વાસણને ગોઠવી દીપાવે છે,
કેટલાક લોકને બતાવવાને હારબંધ
અનુક્રમે ઉમંગથી માલ લટકાવે છે
પ્રત્યેક દુકાનદાર મંડી પડ્યા સફાઈને,
ઝવેરીઓ જુગતથી દાગીના શોભાવે છે.
ચાંદી સોનું વેચનાર ચોકશી ચમકદાર
ગાદી તકીયાને હારબંધ ગોઠવાવે છે. ૧૦

વૈદ્ય દાક્તરો એ તો વાટ જુવે વ્યાધિ તણી
ઉપકારી તોય હિત આપનું વિચારે છે.
પ્રાહુણાને માટે પ્રજા ગોઠવણી કરી રહી
બેસવા સુવાની જગા શક્તિએ વધારે છે,
કોઇ તો હોંસીલા અને ઉદાર વૃત્તિના જન
આપ્ત ને સંબંધી મળે આવવા ઉચ્ચારે છે.
બાપ લખે દીકરાને તાતને તનુજ લખે
આવજો જરુર અહીં સમારંભ ભારે છે. ૧૧

સીધા ને સામાન વાળાં કણીઆ અનાજ ભરે
ગાંધીઓએ ગરમમશાલાને ખંડાવે છે.

ચુરણને વેચનાર ચુરણ તૈયાર કરે
વાટીઘુંટી ગુણ માટે ગોળીઓ બનાવે છે.
દેવળ ને દેવનાં મંદિર તે ધોળાઇ ગયાં,
કેટલા દુકાન અને બેઠક રંગાવે છે.
ઉમળકાવાળી પ્રજા દેખાય વડોદરાની
શ્રીમંતની ધર્મધ્વજા જેમને નિભાવે છે. ૧૨

૫

રથોદ્ધતા વૃત્ત

આ રીતે વટપુરે ઉમંગથી
ઠાઠની તક જુવે સુહર્ષથી,
કોઇ તો નિરખતા સુપત્રિકા
વાંચતા ખબર ને નવીનતા. ૧૩

ઉત્સવે જન તણું મને હર્યું,
શોભતું ઘર કંઈ નરે કર્યું.
તારીખે નજીક આવી જ્યાં રહી
પુરમાં સહુ સ્થળે મઝા થઇ રહી. ૧૪

૬

સવૈયા એકત્રીશા

તેવીસમી એપ્રીલની પહેલાં વડોદરે સજીયો શ્રંગાર,
ધ્વજા પતાકા તોરણ બાંધ્યાં પુરની સડકે હારોહાર.
બહુ ઠામ દરવાજા કીધા તડામારથી ચાલ્યું કામ,
કારીગરોની રોજી જાગી રંક મજુરને મળિયું દામ. ૧૫

દરવાજે પણ કળશ શોભતા ગોઠવણી દીપકની બેશ,
દીપે ચોકઠાં સડકો ઉપર રોશનાઇનો શુભ ઉદ્દેશ.
ચારૂ ચોકઠે ગ્લાસ લટકતા, દરવાજે વિજળી તૈયાર,
રંગ અટપટા દીપક ફરકે ગણતાં ત્હેનો નહિ શુમાર. ૧૬

રાજમ્હેલ માંડવી ને કોઠી શણગાર્યા દરવાજા ચાર,
કચેરીઓ શણગારી તેવી સુધરાઇએ પણ શણગાર,
દીપ ગોઠવ્યા દવા શાળ પર કૉલેજે ને ગાયનશાળ
સુરસાગર પર શોભા નવલી પુરને કીધું ઝાકઝમાળ. ૧૭

સંસ્થાઓને શોભિત કીધી પુસ્તકશાળા દીપે પૂર,
નવીન રસ્તે થવા રોશની હવેલીએ શણગાર હજુર.
પાઠશાળને આવ્યું યૌવન જૂનાં શોભી રહ્યાં મકાન,
ધર્મધ્વજા માંડવીએ ફરકે શોભા થઇ છે સઘળે સ્થાન. ૧૮

રાજમંદિરે કર્યાં શોભતાં રાજેશ્વર ને વિઠ્ઠલનાથ
અનુપમ શોભા સઘળી વાતે ! ગાઇ ન શકીએ તેની ગાથ.
રોશનાઈ તો સમયે થાશે તે પહેલાં ઉભરાયા લોક
હર્ષઘેલછા ઘરડાંને પણ જોવા નીકળ્યા થોકે થોક. ૧૯

ઘોડા ગાડી મોટરવાળા તે મનમાં પૂરા મકલાય
સાજ વાહનો કર્યાં શોભતાં હૈયું તેનું પણ હરખાય.
રેલ સ્ટેશને પુરતી શોભા ઉતારૂઓની ભીડ અપાર,
ઠામ કરે તે અનુકૂળતાથી સગા મિત્રનો જેવો પ્યાર. ૨૦

વીરક્ષેત્ર ઉભરાયું તરવર જડે નહિ હીંડવાનો પંથ,
બાપ દીકરાને શોધે છે કામનીને શોધે છે કંથ.
જતાં આવતાં ભીડાય છાતી હામ વિનાનું ન સરે કામ,
તોય ન કોઈ ચગદાયે, ને કોઈ કોઇનું નવ લે નામ ૨૧

રોશનાઇ તો રાતે થાશે તે પહેલાંની જનઘેલાઈ,
વડોદરા મોજી સેલાણી પ્રેમ મળ્યો તેમાં સુખદાઇ,
કથન આટલું કહીને હાવાં રાજ્યારોહણની કહું વાત
નજરે શોભા જોઈ જેઠમે, લખે ગ્રંથ થઇને રળિયાત. ૨૨

૪ શહેર-શણગાર

૧

કવિત

રાજ્યારોહણ પ્રસંગે રાજાપ્રજા તરફથી,
વડોદરા શહેરને શોભાવ્યું શ્રૃંગારથી
રેલવે સ્ટેશનને ય શણગાર્યું સારી રીતે
ફૂલ ઝાડ તોરણ બાંધેલ માંહે બ્હારથી
વિજળી પ્રકાશ માટે પ્લાટફોર્મની ઉપર
ગોળા ઘણા ગોઠવીયા વેલના આકારથી
સ્ટેશનથી માંડી પુરપંથ ચાર દરવાજે
વાવટા તોરણો શોભ્યાં રંગીત અપારથી ૧

રાજ્ય–અભિષેકના ઉત્સવનો વધૂ ઉમંગ
વાસણના વ્યાપારીઓ કંસારે જણાવીયો
નવાં નવાં ચળકતાં પાત્રનાં તોરણ કર્યાં
વાસણને દરવાજે આનંદ બતાવિયો
ચોકશી ઓળની પાસે જરીયાન કાપડથી
દરવાજો બનેલો તે જનતાને ભાવિયો
બેઠકો ચણેલી પર કબાટોને ગોઠવેલાં,
કંદોરાનાં તોરણોએ ઠાઠને જમાવિયો ૨

વિઠ્ઠલ મંદિર આવનાર શ્રી પ્રતાપસિંહ
માંહે મંદિરને દ્વાર ગોઠવી કમાનને
વિજળીદીપક રંગ રંગનાને લટકાવી
તોરણ બનાવીને શોભાવ્યું દેવસ્થાનને

મંદિરની માંહી ચારે બાજુ રોશનાઇ કરી
શોભા પ્રભુને પ્રકાશ ખેંચે લોકધ્યાનને
વ્યાપારીઓ જાત જાતનાએ હાંસ કાઢી બહુ
જેઠમ કહે શૃંગારી દીલથી દુકાનને. ૩

શેહેરથી જઇએ જો ન્યાયમંદિર અગાડી
તહીં સુધી પીલરો અનેક સ્તંભ દેખીએ
અનેક રીતીના તેની ઉપર દેખાવ કર્યા
હેરત પમાડે એવી વિચિત્રતા પેખીએ
જ્યુબીલી બાગની પાસે ઘાસ દરવાજો કર્યો
લીલો લીલો રંગ જેનો લક્ષમાંહી લેખીએ
ચીમનાબાઈ ટાવર પાસે બુરજનો ગેટ
શ્રીમંતને આપતો અભિનંદન નેકીએ ૪

રાવપુરા રોડ પર કોઠીની નજીક ગેટ
તેની પર તસવીરો શિવાજી પ્રતાપની
શોભા ભરી ગોઠવેલી જનતા જુવે છે ત્હેને
ખુબી જુવે દરવાજે અન્ય લીલા ઘાસની
પ્રજામંડળ કચેરી અશોકપલ્લવ તહીં
કાપડનું બોર્ડ લટકાવીને અવાસની
શોભા કરી આશિષ લખેલી રાજકુટુંબની
જેઠમ ખેંચે છે ધ્યાન શોભા આસપાસની ૫

બેઉ દરવાજે કીર્તિમંદિરને તે ઉપર
મુદ્રાલેખ લખેલા તે બહુ શોભતા હતા
શ્રીમંત સયાજીરાવ પ્રતાપસિંહને જેમ
આપતા આશિષ હોય એમ ભાવે દીસતા
નદી પૂલ નજીકમાં સુંદીર બુરજ વાળો
વિજયનો દરવાજો લાખો જન પેખતા
ઉભા રહી હાર્દિક તે વાંચતા અભિનંદન
એવા ઠામ ઠામ લેખ ભાવનાથી દીપતા. ૬

૨

રુચિરાવૃત્ત

મુખ્ય ગેટ પર ભગવો ઝંડો ધમરાજ્યની નિશાની
રાજ્ય મ્હેલ ભણી જતાં ચમકતી ચિત્તની વૃત્તિ જનતાની
ન્યાયતણું મંદિર ને જે જ્યુબીલી બાગ વચ્ચે ત્હેની
વિજય પીલર ને વિજય કમાનો સુંદરતા શી કહું જેની ૭

રાજમ્હેલ મુખ્ય દરવાજાથી નજીક સુંદીર ગેટ કરી
ગ્રામ્ય અને શહેરી જીવનનાં દૃષ્યોની આકૃતિ ધરી
સ્ટેશનથી માંડવી રોડ ને રાજ્યમ્હેલ રોડે રચના
દરવાજે કરી વિધવિધ ભાતી હર્ષ વધારે તે ઘટના ૮

રાજ્ય ઘરાણાના કંઇ પુરુષો ચિત્ર પડે ત્હેનાં નજરે
તાશીર એવી તોરણ કીધી જે નીરખીને જીવ ઠરે

પ્રકાશ માટે રસ્તે ગ્લાસો ગોઠવવાની ગોઠવણી
કમાન વાળી બેશ કરેલી શોભા આપે જેહ ઘણી ૯

મકાન સરકારીએ શોભા પ્રકાશની વિધવિધ રીતે
જોવા વસ્તી ઘેલી થયલી ચાર દિવસ દીવે ચિત્તે
પોલો ગ્રાઉન્ડ મંડપ ને તેવો સિંહાસન મંડપ સારો
ઘુમટ સાથ તે નજરે પડતો, દેખાવે ન્યારો ન્યારો ૧૦

નજરબાગ ઈન્દુમતિ મ્હાલે ચિમનબાગ પેલેસ સહી
લક્ષ્મિવિલાસે પ્રતાપ મ્હેલે રાજમ્હેલ જુવે સહુ ચહી
કારણુ ત્યાં સુંદીરતા માટે પુષ્પ ઝાડ ને તોરણુની
ધ્વજા પતાકા પણુ પચરંગી ખુબીઓ ન્યારી જણુ જણુની ૧૧

રાજદંપતીની તસવીરો પ્રકાશમાં શોભા દેતી
રોશનાઈ આ પ્રથમ જોઈને વાહવાહ જનતા કહેતી
કવિતામાં શોભાનું વર્ણન ઉઠાવ ઉરના રચનારા
કેમ બતાવી શકે પદ્યમાં, થયા રોશની ઝબકારા ૧૨

વડોદરે શૃંગાર ધર્યો જે રાજ્યારોહણુ શ્રેષ્ઠ સમે
નિરખી શોભા તેને હૃદયે રચના આનંદ સાથ રમે
પ્રકાશ જોયો વટપુરમાંહી પ્રકાશ જય રહેજો સ્થાઈ
પ્રતાપસિંહ પ્રતાપી થાજો દે આશિષ જેઠમભાઈ. ૧૩



લક્ષ્મીવિલાસ રાજવાડામાં કરવામાં આવેલી રોશનાઈ

૬ રોશની

કટાવ છંદ

વર્ણન છે કટાવ છંદે,
કરૂં રોશનીનું આનંદે.

રાજ્યારોહણ કાર્ય નિમિત્તે, છવ્વીસમીએ એપ્રીલ મહીને સાડા સાતે
થઇ રોશની,
રાતે જ્યારે ભભકો ભારે, રાજદ્વારે, બહુ આગારે કોઠી તેમ જ બીજે
દ્વારે ન્યાયમંદિરે,
શાક બજારે, સુરસાગરને સઘળે આરે, વિજળી દીપક ચમકે જ્યારે,
માંડવી સારી ઠીક શણગારી,
સુધરાઇએ શોભા ન્યારી, વિજળી ચમકે પ્રકાશકારી, લાગે પ્યારી,
નર ને નારી પ્રીતમ પ્યારી,
બેસી બારી, કંઇ અટારી, માલ વખારી, સમય ઉગારી, વાહ ઉચ્ચારી,
કઇને યારી, કઇ દીલદારી, સાથે ફરીને જુવે વિહારી, કંઇ આચારી,
જલસો ભારી જે સુખકારી, મોજ પ્રજાને લાગે પ્યારી, વડોદરાની
ભીડ જનતાની, કંઇ સેલાની, ધર્મી ધ્યાની, કંઇ છે જ્ઞાની,
કઇ નિર્માની, કઇ તોફાની, પરવતની ને કઈ છે સ્થાની ઘરડી ન્હાની,
કઇ તો શહેરી કઇ છે રાની, કઈ ગામડીયા,
હરખે આવી જુવે રોશની બનતા ઘેલા કઇ દોડે છે, સ્ત્રી જોડે છે,
રસ્તે જાતાં કંઇ કર સહાતા, દીકરી માતા, ભગની ભ્રાતા, કઇ મદમાતા
ધનથી તાતા,
જોઈ રોશની ને ખુશ થાતા, દીપક ભભકે, સહુએ સારા, રંગ રંગના
કઈ ચમકારા, ન્યારા ન્યારા કીધા ઝાઝા,

પુર દરવાજા, સરવે તાજા, કોઠી કોરટ સહુ શણગારી, માંડવીએ થઇ
શોભા ભારી કરી કમાનો, દીપે મકાનો
ન્યાયમંદિરે દીપક ડેરે ગોઠવણી છે રૂડી પેરે, કંઈ કુંડાળાં, અષ્ટ ખુણનાં
ચોરસ ભાળ્યા, સહુ રૂપાળાં, રંગરંગનાં
વર્તુલ ન્યાળ્યાં, દીપક જોવા ગરદી ઝાઝી, જુવે મીર ને ફકીર કાજી,
થઇને રાજી કઇ નવાજી, વ્હોરા હાજી, ઘાંચી મોચી
કુંભકાર ને દરજી માળી, સૂખડીયાને આજ દિવાળી, અધિક તેથી
ભભકે ભાળી, ગ્લાસ રોશની સડકે ન્યાળી,
વડોદરાને પૂર અજવાળ્યું, કર્યું ઉજમાળું, મૂળ રસવાળું, મોટું નાનું,
દીઠી રોશની કથવું શાનું.
જોઇ રોશની અચરજ થાયે, પુછે કોઇ શું વર્ણન થાયે ? કઇ તો જોતા
થયા બહાવરા, શું જોવાનું શું ત્યજવાનું સર્વ દૃષ્ય છે મોજમઝાનું
ઇંદ્રપુરી કે કુબેર નગરી વટપત્તનમાં તે શું ઉતરી, શહેર પરામાં ગરદી
સરખી દીપક જુવે જન હરખી હરખી
ઔષધનું ઘર જુવે નારી નર, કીર્તિમંદિર, નદીની ઉપર, તેવું બાહ્યર
મંગલ અવસર, બહુ ખરચ્યું જર, કોશ હતા તર, રાજ્યની અંદર
કરીને આદર,
વપરાયા કર, રીઝયા હરિહર, અખિલ જગતવર જે સચરાચર.
કહે છે સજજન, જુવે કરી મન, જોયું સ્ટેશન, વાડી ઉપવન,
સંગ્રહસ્થાને લઇને વાહન,
નાચે દીપક થનગન થનગન, ઝબુક કરીને મલકે આનન, જોઈ જન
હરખે,
તોરણ ફરકે, ઉડે વાવટા દીપક પડખે, ગ્લાસ અતિ રોશનીએ તડકે,
ટ્રેનો આવે, ઉતારૂ લાવે, જાણીતાને શેહેર ભુલાવે,

હોટલવાળા વાસ દિપાવે, કઇને ગાડીવાન બતાવે, સેલાનીને સઘળું
ફાવે, નહી ભીડ બારે, પણ તે વારે, સહુ ઘર દ્વારે,
શ્રમ લઈ ભારે, નર ને નારે, થયા વિરામી, કઈ પરગામી, આનંદ
પામી,
સૂઇ ગયા સેવક ને સ્વામી, કઈ તો નદીએ, કઈ ઓટલીએ, શેરી
ગલીએ, ફકીર તકીયે,
વિજળી શોભા શું શું કહીએ, શું વીસરીએ, કાવ્ય વિષય તો ભરીયે,
દરીએ,
તે કેમ તરીએ, પણ શ્રી હરિએ, કરી કૃપા તો, કાવ્ય ઉચરીઓ
એમાં તો છે
નહિ શક જરીએ, વર્ણન છે કટાવ છંદે, કર્યું રોશનીનું આનંદે.

૭ આતશબાજી

કટાવ છંદ

ત્રીસમીએ કમાટી બાગે
મળી પુર જનતા અનુરાગે
ફુટી આતશબાજી ગગને ગાજી જુએ કાજી ને મુલ્લાં હાજી
જનતા ઝાઝી તહીં જોઇને થાતી રાજી
કઇ તો જોતા આર્યસમાજી ઘરડી માજી આવી જોવા તે નવ લાજી
ફુટ્યા ટોટા બેઉ અવાજી
ઝાડ રોપિયાં વિધ વિધ જાતિ ફુટે વળી તે જોવા જાતી
સ્ત્રી મદમાતી તનથી તાતી, કઇ અથડાતી, કઇ અટવાતી
મેદની માંહી તે ગુંચવાતી કઇ ગભરાતી કંઇને તો છે હિંમત છાતી
જથા કોઇના બેઠા ન્યારા જુવે હવાઇ ને ગુબ્બારા
થાય ભડાકા ત્હેના સારા ગગન જઇને નીકળે તારા
રંગરંગના લાગે પ્યારા હવાઇને તે હરાવનારા
ઉડે હવાઇ સરરર લઇને થઇ રઘવાઇ ખરરર કરતાં અંદરથી
રહે ગગન છવાઇ, નીચે સરે છે સર્પ ફણા સમ કંઇ રોકાઇ
ઝાડ સળગતાં તે અંદરથી મનુષ્ય નીકળતાં કંઇ ઉભેલાં કંઇ નાચંતાં
કંઇ ઇંગ્રેજી વેષે દીસતાં
રંગ રંગના ફુટે ટેટા કઇ જન જોતા બેસી હેઠા ધકકા ખાઇ ભીડમાં પેઠાં
ફુટે કોઠીઓ તેમ બપોરા થયું અજવાળું પુનમ ચાંદની જેવું ભાળ્યું

મુલ્લાં ન્હાસે પણ ઉલ્લાસે સહુને ભાસે
સળગી કોઠી હોયે પાસે જાત જાતની આતશબાજી
આતુરતા જોવાને ઝાઝી પુરની નારી કામ વિસારી
મનને ઠારી જલસો ધારી પ્રિયતમ પ્યારી બેઉ જુવે છે મજાહ ન્યારી
ત્યાં અધિકારી કંઇ સરકારી માલ વખારી બહુ વ્યાપારી
ધંધાદારી ને આચારી હોંસે આવ્યા બહુ ગામડીઆ
ભીલ કોળી ને સુથાર કડીયા
કંઇ તો જડિયા કંઇ તો ફડિયા પ્હેલા અડિયા કંઇ તો લઢિયા
કુંઇ ચરભડિયા ધક્કે પડીયા
એમ જુવે છે દારુખાનુ મોટું નાનું, વડોદરાનું સુભાગ્ય માનું
આ શુભ અવસર, નારી ને નર સહુને આદર ઉરની અંદર
રીઝયા ખરેખર આનંદ ઘરઘર નૃપતિ ઉપર
રીઝયા હરિહર પ્રતાપ તે નર લેઇ રાજ્ય ઘર પામો યશ જર
જનતા આદર રહો ઉમ્મર ભર જેઠમ નાગર કાવ્ય લખે કર પ્રસંગ ઉપર
સહુને આનંદ લાગે મળી પુરજનતા અનુરાગે.

૮ માનવંતા રાજ્યપ્રાહુણા

૧

છંદ—સવૈયા એકત્રીશા

રાજ્યારોહણ શુભ પ્રસંગે રાજ્ય પ્રાહુણા આવ્યા બેશ
કોલ્હાપુરથી શ્વસુર આવ્યા જમાઇ પ્રતાપસિંહ નરેશ
ઘોરપડે અવટંક જેમની માનસિંગરાવે કરી પ્હેલ
તેવીસમીએ મુકામ કીધો માનસહિત વટપુર રહેલ. ૧

તે જ દિવસે દ્વારામતિથી પધારીયા શંકર આચાર્ય
તે પહેલાં સીતાબાઈ સાહેબ ભાગવતે આવ્યાં નૃપદ્વાર
શ્રીમંત ફ્રોઈ રાજે ઈંદિરા તેના સુત નૃપ કુચબિહાર
તે ઉતરેલા લક્ષ્મિવિલાસે મુકામ સુંદીર ને સુખકાર ૨

બ્હેનશ્રીની ઇન્દુમતિ રાજે કોલ્હાપુર રાણી કહેવાય
તારાબાઈ ત્રણ મહિનાથી હતાં સંબંધી નૃપનાં થાય
બીજાં ભગિની લક્ષ્મીદેવી સાવંતવાડી જે પરણેલ
અને હાલ નૃપનાં માતુશ્રી સમારંભ પર અહીં આવેલ ૩

છત્રપતિ કોલ્હાપુર કેશ અહીં પધાર્યા લેઈ વિમાન
શ્રીમંત સ્વાગત કર્યું ત્હેમનું જાહેર રીતે આપ્યું માન
સોનાની બગીમાં બેસાડી માંડવી લ્હેરીપુરા નૃપ રોડ
એ રસ્તે થઈ ચીમનબાગમાં મુકામ આપ્યો શાન્તિ અજોડ ૪

મ્હારાજા દેવાસ સિનિયર અને ભૂપ કાગળ સંસ્થાન
વળી ઘાટગે સર્જેરાવે આવીને પામ્યા સન્માન
ધાર રાજ્યના મહારાજશ્રી પવાર પણ આવ્યા મુકામ
એ સરવેનો લક્ષ્મિવિલાસે નૃપે કરાવ્યો બેશ મુકામ ૫

એમ પ્રતાપવિલાસે મ્હેલે રહ્યા સીતામાઉ યુવરાજ
ફલટણ નૃપને અલીરાજપુર સુંદરના ઉતર્યા મહારાજ
રાજ્ય દેવગઢ એમ બારીયા તે પણ ઉપર જણાવ્યા સંગ
એમ પ્રતાપવિલાસે પૂરો રાજવીઓથી જામ્યો રંગ. ૬

નજરબાગ છોટાઉદેપુર અને પોરબંદર મહારાજ
રાજકુમારો લીંમડી નૃપના ઉતરેલા જે ઉત્તમ કાજ
મહીસુરના જય ચામરાજ વડીયાર ઉતર્યા મોતીબાગ
પીથાપુરમ યુવરાજ રાજ્ઞીને આમ્રકુટનો આપ્યો ભાગ ૭

કોલિંગઢના વાસુદેવ સર હિન્દુ ગેસ્ટહાઉસ મુકામ
પેથાપુર ઠાકોર સાહેબે શ્વેતબંગલે લીધો ઠામ
ઇન્દુમતિ કેમ્પે ઉતરેલા લીમડાના ઠાકોર ખચીત
વટપુર આવ્યા ઉડણી ઠાકોર શ્વેતબંગલે રહ્યા સુરીત ૮

આંબાવાડા શારદપુરના ઠાકોરે આવ્યા વટપુર
રાજપરોણા હાંસે આવ્યા દેશ હતો પોતાનો દૂર
રાજકોટ મહીસુર વજીરીયા મુધોર ત્રાવણકોર ભોપાળ
બિકાનેર, દાંતા ને ભુજના આવી શકેલા નહિ મહિપાલ ૯

સમારંભ પર આવી ન શક્યા મોકલીયાં ડેપ્યુટેશન
આવ્યા ત્હેનું ઉત્તમ રીતે સ્વાગત કીધું શ્રીરાજન
બેશ ઉતારા સગવડ સુખની કશી ન અડચણ કોઈ વાત
રાજ તણા મ્હેમાનો રહીને થયા અતિ ઉરમાં રળિયાત. ૧૦

૨

કવિત

નામાંકિત પરોણામાં પ્રધાન ગોવિંદરાવ
સર હોરમસજી મેહેતા આવ્યા જાણીએ
સર ચીનુભાઈ રાજનગરથી આવ્યા અહીં
પટણી દિવાન ભાવનગર પ્રમાણીએ
સર ડોસાભાઈ હોરમસજી આવેલ હતા
નાડકર દિવાન બ્હાદૂર નોંધે આણીએ
રાવબહાદૂર સરદેસાઈ ગોવિંદરાવ
ડોસાભાઈ ભીંવડીવાળા ગણાવું વાણીએ. ૧૧

એ. એચ. સર ભીંવડીવાળાએ આવેલા અહીં
ગીરીધરલાલ દયારામ મહેતા લહ્યા
સર જયલાલ હાઇ કોર્ટના નિવૃત્ત જજ્જ
પંજાબના અત્ર મહોત્સવને જોવા રહ્યા
દેસાઇ ગોપાળદાસ બિહારીદાસના સુત
કૃષ્ણપ્રસાદને પોસ્ટ ઉપર જાણી કહ્યા
નાયડુ મેજર સી. કે. ઉત્તમ ક્રિકેટિયર
જેઠમ પંજાબરાવે દિન ઉત્સવી ચહ્યા. ૧૨

બી. એસ. મુંજે એ આવ્યા રાજ્યના પરોણા બહુ
વળી માનચાંદવાળા આવ્યા બહુ પ્રાહુણા
મતાદાર પટેલો ને રાજના વતનદારો
ગણાવીએ કેટલાને આવેલા ઘણાઘણા

અનેક સંસ્થાઓ તણા અભિનન્દનોએ આવ્યાં
ડેપ્યુટેશનો ને માનપત્રમાં નહિ મણા
પત્રના પ્રતિનિધિઓ એ ભાષા સમસ્તના જાણ
મુકામ જમાવ્યા રાજ્યમદદે પોતાતણા. ૧૩

૯ ધર્મવિધિ તથા અન્ય કાર્યો

૧

કવિત

તેવીસમી એપ્રીલ ને રવિવારે જામ્યો રંગ,
મંગલ કર્યું સવારે સ્નાન સાત વાગતાં.
પુન્યાવાચન તે આઠ થકી સાડા આઠ સુધી,
માત્રીકા પૂજન નાન્દી શ્રાદ્ધ થયાં શોભતાં.
આચાર્યપૂજન બ્રહ્મવરુણ વિધિએ કર્યું,
ચોવીસનાં કામ પણ કરીએ નહિ જતાં.
વિનાયક શાન્તિ ગૃહ મુખ અનિષ્ટોના જાપ
કામ એ કલાક ત્રણ સઘળાં થયાં હતાં. ૧

તે પછીથી પૂર્ણાહુતિ અને ઉત્તરાભિષેક
પચીસમી દિને ચાર કલાક ક્રિયા કરી,
ઐન્દ્રી શાન્તિ અને ભદ્રાસને અભિષેક કર્યો,
ખુલ્લું પ્રદર્શન ગૃહઉદ્યોગ કીધું ફરી.
કલાભુવનની પાસે પ્રદર્શન ભર્યું હતું,
તેની ક્રિયા પછી બીજી કરવી વિધિ ઠરી
સાંજરે પ્રતાપસિંહ જીમખાને કોનશિલા
બેસાડવા સમારંભવિધિ રૂડી આદરી. ૨

૨

રૂચિરાવૃત્ત

ઘટિકા સ્થાપન કર્યું સવારે માનકરી રૂમની માંહી,
ગણેશનું ને પૂજન વરૂણનું રાજ્યજોશી કીધું આંહી,
સાડા આઠે મંગલસ્નાને શ્રીમંત બેઠા, થઇ વિધિ.
પછી પ્રાર્થના દેવસ્થાને અને મસીદ માંહી કીધી. ૩

ભોગેશ્વર પંચાયત દર્શન વડીલ મંડળીને નમિયા,
પુન્યાવાચન માંહી નૃપતિ પત્રિકા પૂજને રહ્યા
સાડા આઠે હોદ્દા પૂજન દિવાનખાને ગાદી તણું,
નવ પૂઠે દરબાર હૉલમાં રાજ્યારોહણ થયું ભણું. ૪

વિધિ થયો તે પૂર્ણ ઠાઠથી પુઠે દેવને નમન કરી
ગાદી હૉલમાં દિવાન સાથે મળી બેઠા ગાદીએ ઠરી.
ગાદી પર બેઠા તે વખતે રાજ્ય ભણી ને બ્રિટિશ થકી
થઇ સલામી તરત તોપની એકવીસ બે વાર નકી. ૫

ઓવારણાં સુવાસિની કેરાં શ્રીમંતને ત્યાં થયાં સમે,
આહીર થયલાં દિવાન હસ્તે રૂડી રીતે ક્રમે ક્રમે
જે વખતે થઇ તોપ સલામી સમય ગણાયો તે સારો
કારણ કે શ્રીમંતે કીધો બંધીવાનનો છુટકારો. ૬

દિવાનનો પોષાક અપાયો આહીરની થઇ વિધિ તહીં
ખંડણીદાર હતા ઠાકોરો નજરાણાની રીત થઇ
આપ્ત મિત્રમંડળીનું ભોજન થયું બપોરે નિજ મહાલે
સ્ત્રીભોજન વિશ્રામ બાગમાં મહિપતિએ આપ્યું વ્હાલે ૭

તારકેશ્વરે દીનને ભોજન તે સમયે બહુ રાંક મળ્યા
કોણ ન્યાત ને કોણ જાત ત્યાં ભોજન લાલચ સર્વ ભળ્યા
થયા પાંચ દરબાર હૉલમાં રેસિડન્ટ આવ્યા જ્યારે
અભિનંદન દરબાર ભરાયો જે જોવા સરખો ભારે. ૮

કવિત

સાડા પાંચે શ્રીમંતની નીકળી બહાર સ્વારી
તે જોવાને ઉલટેલું આખું શહેર પ્રેમથી,
હિંડવા મારગ જડે નહિ, ઠામ કહીં બેસવાનું,
જહીં તહીં બેઠા ઊભા લોક શ્રમથી મથી.
સ્વારી તણો ઠાઠમાઠ આજનો શું વર્ણવીએ
રાજ્યારોહણનો હર્ષ કથતાં કથાતો નથી.
સ્વારીનું સાજન જેણે જોયું હોય તે જ જાણે
શક્યું જે જોવાઇ સુખે નાગર જેઠમથી. ૯

રાજ્યાભિષેક નિમિત્તે જે જે ધર્મક્રિયા થઈ
આસ્તિકપણાથી ને આનંદે નૃપે કીધી છે.
સમયે સમયે ક્રિયાકર્મમાં હાજર રહ્યા,
દાન દક્ષણાને પણ વિધિ કરી દીધી છે.
પૂજન અર્ચન કર્યું પિતૃને બ્રાહ્મણો તણું
એવી તો શ્રીમંત ટેવ સરળ ને સીધી છે.
કુટુંબને પ્યારા સારા સબંધી થકી ન ન્યારા
જેઠમ પ્રતાપસિંહ મીઠો ગુણનિધિ છે. ૧૦

છ૦વીસમી બુધવારે શ્રીમંતની સ્વારી જ્યારે
ઠાઠમાઠે ભારે ફરી પુર ને બાહ્યરમાં,
યોગ્ય પંથ સાહીને ઉત્સાહી જનતાને લાભ
આપ્યો દીલ ચાહી ગ્રાહી ગુણ ને આદરમાં.
પીને પ્રેમ પાઈ સ્નેહસાગર મીઠામાં ન્હાઈ
કીર્તિને કમાઈ સ્થાઈ આ જુવાની ભરમાં
પ્રતાપસિંહજી આવી ભાવ થકી ભેટ લાવી
દર્શનને માટે ગયા વિઠ્ઠલ મંદિરમાં. ૧૧


તેવીસમી તારીખના મંગલ પ્રભાત દિને
રાજ્યાભિષેકની ક્રિયા ધાર્મિક શરુ કરી
વેદોક્ત વિધિએ મહારાજે પત્ની સાથે રહી
મંગલ સ્નાનને કર્યું આસ્તિકતાને ધરી
માનકરી ખોલીમાંહી ગણપતરાવ અને
રાજભગિની જે રાજે કહીએ ઇન્દુમતિ
માનસિંગરાવ મામા સાહેબ નિંબાળકર
આદિને શ્રીમંતે કર્યું નમન પ્રેમે અતિ. ૧૨

પછી રાજ્ય પિતામહી માતુશ્રી ચીમનાબાઈ
તેમને મકરપુરે કરેલા પ્રણામને
આગલે દિવસે આશીર્વાદ પણ મેળવેલા
નમસ્કાર એમ કર્યા વડીલો તમામને
પુન્યાવાચનને તેવું માતૃકાપૂજન કર્યું
નાન્દીશ્રાદ્ધ વરૂણ આદી અટોપ્યું કામને
રાજદંપતિને હસ્તે વિધિ થઈ હોંસ ભરી
અયોદ્ધામાં વશિષ્ઠે કરાવી હતી રામને. ૧૩

વિનાયકશાંતિ–ગ્રહમખ

ચોવીસમીની સહવારે ઉપાધ્યાય રાજ તણા
પાંચેગાવકરે ઓમકારજી પંડિતને
મદદમાં રોકીને જ વિનાયક શાંતિ કરી
વિધિએ પૂજ્યા પછીથી દસે ગ્રહમખને
દિવાનખાનું ગાદીનું તેની પાસે ભવ્ય ચોક
તેમાં આ વિધિને કરી ધારી રાજ્ય હિતને
ગ્રહ જપ સોપારીને આપવાની વિધિ થઈ
રાજના ઉપાધ્યાયે કરી સહુ રીતને. ૧૪

પચીસમી તારીખને ભોમે ઐન્દ્રી શાન્તિ થઈ
સવા સાત થકી સાડાઅગ્યાર સુધી કરી
ઐન્દ્રી શાંતિ જ્યારે થઈ ત્યારે રાજદંપતિને
ભદ્રાસને બેસાડી વેદોક્ત મંત્ર ઉચ્ચારી
અભિષેક કર્યો હતો રાજ્યના આચાર્યે જહીં
બ્રાહ્મણ વિદ્વાન અન્ય બેઠેલા આશા ધરી
દાન દક્ષિણાઓ પણ યોગ્યતા પ્રમાણે મળી
જેઠમ રાજવીએ નથી કસર કરી જરી. ૧૫



શ્રીમંતના રાજ્યાભિષેક વખતનું એક દૃશ્ય

૧૦ રાજ્યાભિષેક વિધિ

શ્રી ગણેશ વરુણપૂજન

કવિત

રાજ્યાભિષેકનો દિન છવ્વીસમી બુધવાર
એપ્રીલ સાતમ તિથિ સુદીની વૈશાખની
ઇસિવીનો સન ઓગણીસો ને ઓગણચાળી
વિગત ઓગણી ને પંચાણું હિન્દુ સાલની
ચિર કાલ સુધી આ વડોદરાની રહેશે વાત
લખાશે ગ્રંથની માંહી શી જરૂર સાખની
ખુબીને નિહાળવાને પ્રજા આવી દૂર થકી
જેઠમે નજરે જોઈ મેદની જ્યાં લાખની. ૧

મંગલ આ દિને માનકરી શુભ સ્થાન માંહી
રાજમ્હેલ મંદિરમાં સ્થાપ્યા શ્રી ગણેશને
વરુણ દેવની પૂજા સાથે વિધિ થકી કરી
ઘટિકાનું કામ સોંપ્યું જોશી મહાદેવને
એ જ દિને શ્રીમંતે કર્યું છે રાણી સહ સ્નાન
વાજિંત્રે દર્શાવ્યો પૂર જોરથી આનંદને
ગંગા યમુના ને રેવા સરસ્વતી કાવેરીજળ
જેઠમ આણેલું જે પવિત્ર શુભ સ્નાનને. ૨

સામુદાયિક પ્રાર્થના

દોહરા

સામુદાયિક પ્રાર્થના થઈ પુર મોઝાર
છવ્વીસમી ને એપ્રીલે બેશ હતો બુધવાર ૩

દેવાલય સહુ રાજ્યનાં શિવ વિષ્ણુ ને માત
તેઓની થઈ પ્રાર્થના, મળી ન્યાત ને જાત ૪

મસજીદો માંહી મળ્યા ભાવે મુસલમાન
કરી ખુદાની બંદગી ગજવ્યું પ્રેમે સ્થાન ૫

મળ્યા લોટિયા શહેરના તે મસજીદે જાય
રાજવીના ગુણ ગાઇને હેત થકી હરખાય ૬

શ્રાવક મળ્યા ઉપાશ્રયે પૂજી પારસનાથ
પૂજા ભણે કરી પ્રાર્થના જોડીને દૂય હાથ. ૭

સર્વ પ્રજા પૂજારિઓ સેવક મુખિયા સાર
માગે પ્રતાપસિંહનો સદાય જયજયકાર. ૮

પૂજન

કુંડળિયા છંદ

પૂજન હોદ્દાનું કર્યું રાજ્યાભિષેક પ્હેલ
દિવાનખાનામાં જહીં ગાદીને સ્થાપેલ
ગાદીને સ્થાપેલ હતી સરકાર હવેલી
ત્રીજા સયાજીરાવ રાજમ્હેલે તે મ્હેલી

તેનું પૂજન કર્યું ગાદીને કીધું વંદન
અનુક્રમે મહારાજ શ્રીમંતે કીધું પૂજન. ૯

પૂજી બેસીને ભાવથી કાઢી ત્હેનું ધ્યાન
સાચી શક્તિરૂપ જે તેને આપ્યું માન
ત્હેને આપ્યું માન અશ્વપૂજા પણ કીધી
હસ્તિપૂજન કર્યુ શાસ્ત્રની જેવી વિધિ
શ્રીમંતને નિજ હસ્ત વિધિએ ઉત્તમ સરજી
પૂજ્ય કામની વસ્ત કહે જેઠમ એ પૂજી. ૧૦

શ્રીમંતે આજ્ઞા કરી ઉરમાં ધરીને ભાવ
ઝરીપટકો બદલાવવા થવા સરસ દેખાવ
થવા સરસ દેખાવ ઝરીપટકો બદલાયો
સરનોબત પણ બેશ હસ્તિ ઉપર દેખાયો
રાજ્ય તણાં નિશાન સાચવી રાખ્યાં ખંતે
કહે જેઠમ કવિ અન્ય કરાવ્યાં શ્રેષ્ટ શ્રીમંતે. ૧૧

રાજ્યાભિષેક

ઝૂલણા વૃત્ત

રાજ્ય-અભિષેક છવ્વીસ બુધે થયો માસ વૈશાખ પણ શુભકારી
સુદ વૈશાખની માસ એ સાતમો સાતના અંકની વાત ન્યારી
સપ્ત પાતાલ ને લોક પણ સાત છે સાત સમુદ્ર ને સપ્તઋષી
રાગ પણ સાત ને પુરીઓ સાત છે કાવ્ય રચતાં થઇ પરમ ખુશી ૧૨

શુકનનો ભાવ આ ઇષ્ટ દેવે રચ્યો જય થવા દાખલા બંધ બેસે
રાજ્ય-અભિષેકની બેશ વિધિ થઇ કવિ હવે કાવ્યથી સર્વે કહેશે
રાજ્ય-અભિષેક દરબાર હૉલે થયો હર્ષ દસ વાગતામાં પ્રકાશ્યો
રૌપ્ય ને તામ્રના કળશ સુવર્ણના ચાર મૃતિકા તણો બેદ ખાસો. ૧૩

છિદ્ર સો એક સુવર્ણના કળશને પાત્ર અભિષેકનું એ બનાવ્યું
દાગીના મહોર, શય્યા અને કાપડે સર્વ સાહિત્ય ત્યાં શ્રેષ્ઠ આપ્યું
રાજ દંપત્યને બેસવા ભરજરી સાથ રાખેલ ચૌરંગ આંહી
બેશ આચ્છાદને છત્ર સુવર્ણનું ઝગઝગે જેહ દશ દિશ માંહી. ૧૪

જમૂના નર્મદા પુનિત ભાગીરથી તેમ સરસ્વતી નીર આવ્યું
આવ્યું કાવેરીનું ને પછી નિધિનું પાત્ર અભિષેકનું ત્યાં ભરાવ્યું
હેમના પાત્રથી ધાર શતની વડે દંપતિને અભિષેક કીધો
પાત્ર ઉંચું હતું દંપતિ શીરથી લટકતાં બેશ દેખાવ દીધો. ૧૫

રાજ્ય-અભિષેક સમયે હતા રાજ્યના ગુરૂ આચાર્ય દિવાન એવા
તેમ શિવરાજસિંગે અને ઉપલપે બ્રાહ્મણો ચાર વૈદિક તેવા
માને પાટીલ ને આપ્ત હજુરીયા જેમની જરૂર છે કામકાજે
રંગ જામ્યો રૂડી હેલી થઈ હર્ષની સૂર્ય સરખો દીસે સુસ્ત આજે. ૧૬

રાજ્ય-અભિષેકને સમય વાજીંત્ર તે સપ્ત સુર દાખવે છે મધુરા
જાત ને ભાત તે જુજવા રાગની જાણકર તેમ ગાનાર પૂરા
રાજ્ય-અભિષેક જોવા બહુ છે મળી મેદની મહેલની બહાર ભારે
દૂરથી ન્યાળતાં સર્વ દેખાયલું શબ્દ જયના સહુએ ઉચ્ચારે. ૧૭

બેશ અભિષેકને ન્યાળવા હાજરી મિત્ર ને આપ્તની ને સગાંની
રાજવી પ્રાહુણા ને કુટુંબી સ્ત્રીઓ તેમ પુરતી કઇ છોકરાંની
સર્વને બેસવા બેશ રચના હતી પૂર્ણ થઇ આંહી અભિષેક વિધિ
તે પછી શ્રેષ્ઠ પોષાક દ્વયને થયો રીત વ્યવહારની સર્વ કીધી. ૧૮

દોહરા

અભિષેક પછી આપીયાં હાર કલગી ને પાન
ગુલાબ અત્તર વાસથી સુગંધ પ્રસરી સ્થાન. ૧૯

કવિત

પ્રજાપ્રિય રાજવીએ રાજ્ય સમારંભ સારુ
પેહેરીઓ ઉત્તમમાં ઉત્તમ પોશાકને
અમૂલ્ય આભૂષણોએ શરીરે ધર્યાં છે આજ
શોભાવ્યું છે શીર પ્હેરી જરીયાન પાઘને
બનારસી રેશમનું લીલું જરી અંગરખું
રેશમી ઇજાર રાજ શોભાવતું સાજને
પાઘડીમાં મૂલ્યવાન કલગી ખોસેલ હતી
શોભતો મોતીનો તોરો હતો મહારાજને. ૨૦

રાજ્યારોહણ સમારંભ

કવિત

દેવોને નમન કરી શ્રીમંત પ્રતાપસિંહ
ગાયકવાડ તે ગાદી હૉલમાં પધારિયા

કૃષ્ણમાચારીય મંત્રી જેમની સાથે જ હતા
કોઇ પણ કામમાં ના જેમને વિસારીયા
મહારાજ ગાદીપર બીરાજતાની અગાઉ
આમંત્રેલા ગૃહસ્થો તે સરવે ઉભા રહ્યા
રાજ્યારોહણ થયું છે દસ અને સત્તાવને
જ્યારે નેકી નાદ જયજયના પોકારીયા. ૨૧

મહારાજ ગાદીપર આવતાંની સાથે કીધા
બ્રિટિશના રાજ્યે એકવીસ તોપ બારને
એકવીસ બાર રાજ્ય ખુદના તરત થયા
બેન્ડવાજે પણ માન આપ્યું સરકારને
પુરમાંએ ઠામઠામ ચોઘડીયાં વાગી રહ્યાં
લશ્કરે બંદૂકે માન દીધું કરી બારને
સુવાસિનીઓએ લીધાં ઓવારણાં શ્રીમંતનાં
આહીર થયું ને આપ્યાં પાન ગોટા હારને. ૨૨

આહેર સમર્પણ વિધિ

ઇંદ્રવિજયાવૃત્ત

રાજવીએ નિજ મંત્રીજીને દીધી પાઘ પોશાક બહુ મૂલ્ય વાળો
વિધિ આહેર તણી થઇ છે જેનો ભવ્ય દેખાવ સઊ જને ભાળ્યો
ખંડણીદારે પોશાક કર્યા દરબારી, દીધો નજરાણો નિહાળ્યો
પાન સોપારી થયાં કહે જેઠમ સર્વ થયો જન સાથ નિરાળો. ૨૩

ભોજન સમારંભ

કવિત

પોણો વાગ્યે બપોરે ભોજન આપ્યું રાજવીએ
ઉત્તમ પ્રકારે આપ્ત ને સંબંધી જનને
પુરુષો સાથે શ્રીમંતે, સ્ત્રીઓએ મહારાણી સાથે
ભોજનમાં રાણીએ બતાવ્યું બેશ મનને ૨૪

ગરીબોને દોઢ વાગ્યે જમાડ્યા છે પેટ ભરી
શ્રીમંતે ઠાર્યા છે તારકેશ્વરે એ જનને
ગોઠવણી સહુ વાતે બેશ સમારંભે થઈ
આનંદ આવ્યો છે કાવ્ય રચવા જેઠમને. ૨૫

૧૧ અભિનંદન દરબાર

સવૈયા છંદ એકત્રીસા

રાજમહેલ દરબાર હૉલમાં પાંચ વાગતે સાંજે સાર
અભિનંદન દરબાર ભરાયો રેસિડન્ટ સાહેબ સરકાર
કેમ્પ અમલદારો ને બીજા માનનીય પ્રાહુણા વિશેષ
તેઓએ પણ હાજરી આપી આ દરબારે મનથી બેશ. ૧

લશ્કરી તેમ જ બિન લશ્કરી રાજ્ય અમલદારો ને અન્ય
દરબારીને ઠામ પ્રમાણે અપાયલું ગણતર એ જન
કેમ્પ અમલદારોની સાથે રેસિડન્ટ આવ્યા દરબાર
દિવાન લેવા સામા ગયલા પોલિટિકલ સેક્રેટરી તે વાર. ૨

મહારાજે દરબાર હૉલનું મુખ્ય હતું જે પ્રવેશ દ્વાર
ત્યાં જઈ હસ્ત મિલાવ્યો હસતે માન દીધું મીઠે ઉદ્ગાર
રેસિડન્ટને લઈને સાથે સિંહાસન બેઠા જે વાર
તરત સલામી થઈ તોપની, એકવીસ ત્યાં સુણિયા બાર. ૩

વાતચિત કરતાં રેસિડન્ટે અભિનંદન દીધાં હાર્દિક
શ્રીમંતે હસીને સ્વીકાર્યા સામો ઉત્તર દઈને ઠીક
તે સમયે તંજાવરી હાજર નર્તકીઓએ ગાયું ગાન
નાચ કલા ને મરોડ સાથે સહુ જનનું ખેચ્યું છે ધ્યાન. ૪

ઘણા શેઠ ઉંચા દરબારી તેઓએ પણ બુટ્ટાદાર
ધર્યા રેશમી વસ્ત્ર જરીનાં ઘટે પ્હેરવો જે દરબાર
અભિનંદન આપ્યાની પૂઠે શ્રીમંતને હસ્તે ફૂલહાર
રેસિડન્ટને શ્રેષ્ઠ અપાયા દીધાં પાન સોપારી સાર. ૫

મંત્રીએ શ્રી મહારાજાને બેશ કુસુમનો અર્પ્યો હાર
કૅમ્પ મંડળીનો ફૂલહારે દિવાનશ્રી કીધો સત્કાર
મળ્યાં પાન સોપારી સહુને પરત જવા ઉઠયા રેસિડન્ટ
વળાવવાને પ્રવેશદ્વારે વિવેક દાખી ગયા શ્રીમંત. ૬

કેમ્પ અમલદારોએ કીધી શેકહેન્ડ મહારાજા સાથ
પોર્ચ સુધી મંત્રી પણ ગયલા વિદાય કરવા સઘળો સ્ટાફ
આ રીતે અટપાયું કારજ પધારિયા નૃપ નિજ અવાસ
જેઠમ કવિએ કવિતા કીધી નવગુજરાતે વાંચી ખાસ. ૭

૧૨ સ્વારીવર્ણન

પ્રેક્ષકોની મારે ભીડ અને આતુરતા, તથા સ્વાગત

સ્રગ્ધરા વૃત્ત

રાજ્યાભિષેક અંગે કંઈ કંઈ બનશે ખેલ રૂડા તમાશા
સ્વારી શ્રીમંતની ને દીપક વિજળીના ન્યાળવા યોગ્ય ખાસા
આ તો જોવા સરીખું વટપુર સઘળું તો પૂરૂ ધ્યાન રાખી
સર્વે સાથે લઈને જરૂર નીકળજો કામને દૂર નાખી. ૧

આવા પત્રો લખીને કંઈ કંઈ જનને મિત્રતાએ કરીને
બોલાવ્યા ઠાઠ જોવા કંઈ સગપણથી ભાવ હેતે ધરીને
આવ્યા પહેલાંય કીધી સગવડ સહુએ બેસવા ને સુવાની
ચોખ્ખા કીધા ઉતારા ચિવટ બહુ ધરી તેમ ખાવા પીવાની. ૨

આવ્યા ત્રેવીસમીએ સઘળી નિરખવા શહેર શોભા થશે તે
ત્યાંથી મહેમાન ચાલ્યું સ્વજન ઘર વિષે જાય જ્યાંહી ગમે તે
લાગ્યા લોકો ભરાવા પરવતનતણા રેલ ગાડીથી આવ્યા
પાસેના ગામનાએ સગપણ ગણીને ત્યાં જ ડેરા જમાવ્યા. ૩

ઝાઝા લોકો અહીયાં નજીક ઘર ગણી આવીને ગામ જાતા
તેનીએ ભીડ થાતી કંઈક રખડતા કોઈ રસ્તે કુટાતા
સ્વારી શ્રીમંત જોવા ઉલટ સરવની વેઠતા તે તૃષાને
તાપે સ્હેતા વધારે સડક પર ઠરી ફાકતા તે ભુંસાને.

માતા ના લોક પંથે સડક ઉપર તો થાય હલ્લો વધારે
રોકે પોલીસ તેને હઠ તું ઇધરસે શબ્દ એવા ઉચ્ચારે
ધક્કા ખાયે તથાપિ તહીંથી નવ હઠે ગામડીઆ રસીલા
તેવા શેરીયે દીઠા નજરથી નિરખી લેખકે સર્વ લીલા. ૫

જોવાને રોશનાઈ સહુ જન ઉલટ્યા ડોસીનું દીલ જોવા
સાથી એવા થયેલા બહુ બહુ ઘરડાં ચાહ્ય ના ઘેર રહેવા
વાગે ધકકા કઇને તદપિ નવ ફરે ઘેર પાછા જવાને
છાતી ભીડાય તોય થતું દુઃખ ખમીને ન્યાળતા દીપકોને. ૬

જેણે જોયું ઘણું છે તદપિ વટપુરે આ સમારંભ ન્યારો
એ તો જોવા સરીખો નહિ શક લગીરે ઉચ્ચરે સર્વ સારો
લાખોનું ખર્ચ કીધું હજી સુધી નથી આવું અત્રે થયેલું
આવા મહેમાન ન્હોતા મહિપતિ ન હતા આવું ના શહેર પહેલું. ૭

ન્હોતી આ મોટરો ને દીપક વિજળીના ધામધૂમે ન હોતી
મોજીલા લોક ન્હોતા ખરચ ખુટણથી વસ્તી ન્હોતી પનોતી
જૂની આંખે તમાશા નવલ નવલ છે તે દીઠા વીરક્ષેત્રે
જોવાને ઉભરાયા સ્વજન પુરતણા તેમ બીજા ય અત્રે. ૮

જોવાને હસ્ત ઝાલી બહુ બળહિન તે ચાલતા ઠેશ ખાતા
ભૂલા કોઇ પડેલા જનની દીકરીને શોધતા ઘેર જાતા
આ રીતે ભીડ ભારે થઇ અવલ થકી સ્ટેશનેથી જ ન્યાળી
આ તો માણેકઠારી પૂનમ ન તદપિ એથી એ ભવ્ય ભાળી. ૯

પૂર્ણિમા ડંકપૂરે બહુ જહીં જનતા આવતી છે નિહાળી
ભક્તિભાવે કંઇ તો કંઇ રહી કરતા ડંકપુરે દિવાળી
આવી ના બ્હાર આવે વટપુર સહુ છે વિષ્ણુ ને શિવ દેવી
ત્હેની સાથે નિહાળી વિજળી ઝબકતી ક્યાંઇ દીઠી ન એવી ૧૦

કહેવાનો સાર એ કે વટપુર થઈ છે બેશ શોભા અનેરી
લાખોનાં મૂખ દીઠાં સ્વજન પણ મળ્યા મર્દ ને તેવી મેરી
શોભા જેણે નિહાળી, નહિ કદી વિસરે ભાઇ ને તેમ બાઇ
ગુંથે ગ્રંથે કવિતા રસીક સકલને વાંચવા જેષ્ટભાઇ. ૧૧

સ્વારી

મધુભાર છંદ

નિસર્યા નરેશ, શૃંગાર બેશ, રત્ને ઉજેશ, ભભકે છે બેશ.
જેની હમેશ, શોભા ન શેષ ઉચરે ન લેશ, થઇ આજ એશ.
હાથી તયાર, અંબાડીદાર, સુવર્ણ સાર, શોભે અપાર,
ગજનો શૃંગાર, અતિ ભભકદાર, મહાવત હુશ્યાર, તેમ ભાલદાર,
ખુદ શ્રી સરકાર, ગજે થયા સ્વાર, શોભા અપાર, જુવે નર ને નાર
ઉઠી સ્વારે પહેલ, બન્યા સર્વે છેલ, થઇ આનંદહેલ, પુર રાજમહેલ,
ડંકો નિશાન, લશ્કરી જુવાન, ઊભા ઠામઠામ, કોઇ બદલે સ્થાન,
હીંડે હયની હાર, હણહણે તોખાર, હુશિયાર સ્વાર, દાખે ભભકો ભાર,
હીંડે ચાર ચાર, મૂછ વાંકદાર, અતિ મન ઉલ્લાસ, એવા હજુરી ખાસ,
સ્વારી ચાલી જાય, નવ મેદની માય, જહીં જન રોકાય, સુર વાદ્ય વાય

ગીત મધુરાં ગાય, વટપુરનો રાય, વર બન્યો જણાય, જન રાજી થાય,
રૂડી મિસલ જોઇ, તેવી સર્વ સોઇ, આવ્યા કામ ખોઇ, ત્યજી દર્શન કોઇ,
સ્વારી શ્રેષ્ઠ આજ, કહે છે સમાજ, રહો કુશળ રાજ, દીપો શીર તાજ,
ગુણી છે મહારાજ, કરે જન અવાજ, કહે સુખનું ઝાઝ, રાખે રંકની લાજ,
એવી કરે છે વાત, એમ વાગ્યા સાત, વાજું નૃપનું ખાસ, વાગી રહે છે પાસ,
ડફ કાંસી સાર, શરણાઇ અપાર, પુઠે શ્રી સરકાર, વધાવે છે નાર,
જેનો નહિ શુમાર, ફરી સ્વારી શાહેર બહુ રૂડી પેર, નથી વસ્તી ઘેર, અહીં કહે લહેર
જોઇ સ્વારી જાય, નવ તૃપ્તિ થાય, રૂડો નિરખે રાય, નવ હર્ષ માય, ગુણ લોક ગાય.
ફરી સ્વારી એમ, લઇ કુશળ ક્ષેમ, જેવી નૃપતિ રહેમ, એવો લોકપ્રેમ
કથ્યો સ્વારી સાર, જે નિરખી બહાર, મતિઅનુસાર,
જેઠમ ઉચ્ચાર પ્રભુને આધાર, નવ બીજી વહાર લે તુજ દ્વાર. ૧૨

કવિત

રાજ્યારોહણની સ્વારી વટપુર નરેશની,
એસ્કૉર્ટના ઠાઠ સાથે દર્શને નીસરી,
ખંડેરાવ માર્કેટ ને બોલાઇ મંદિર રસ્તે
ખંડેરાવ દર્શન કરી પછી પાછી ફરી.

સવાબેએ પાછી સ્વારી હસ્તિએ આરૂઢ થઇ
રાજમહેલથી કોઠી બાગ જ્યુબીલી ફરી,
લ્હેરીપુરા માંડવી ને રાજમહેલ રસ્તે થઇ
કુશળતા ક્ષેમ થકી રાજમહેલમાં ઠરી. ૧૩

હરિગીત વૃત્ત

શ્રીમંત સ્વારી સાંજરે નીકળેલ દર્શન દેવને,
તે વાત પ્રકટી તરત પુરમાં હર્ષ વાધ્યો સર્વને.
કંઈ લોક પૂછે કે હવે સ્વારી ક્યહાં થઇને જશે,
જે જાણતા તે માર્ગ રોકી બેસતા જોવા મિષે. ૧૪

ન્હાનાં અને જુવાન જોવા સ્ત્રી નરો દોડે સહી,
પણ ડોશી હરખે જાય જોવા દોડતી દીઠી કંહી.
કુદરત કૃપાળુ જોઈ રૈયત ઉમળકો કઈ ભાતનો,
જેથી પ્રજા આનંદ લે છે શહેર સઘળી વાતનો. ૧૫

ઉભરાયું જોવા સ્વારી સઘળું શહેર ગરદી પંથની,
ના ભાવ પૂછે ભામની ના વાટ જુવે કંથની
પોલીસના સિપાઈએ તો અમલ ચલવે આપનો
જનતા પૂરી થઇ પ્રેમઘેલી શો હિસાબ એ દાબનો. ૧૬

સ્વારી પહેલાં સ્વાર ઘોડે બેસી છેલાઈ કરે
તે ઘોડલા હારે હીંડે શરુઆત સ્વારીની ઠરે
ડંકા અને નિશાન વાળી જે જલેબ કથાય છે
ભભકા ભરેલી પૂર્ણ તે આનંદમાં પેખાય છે. ૧૭



શ્રીમંતની સ્વારીનું એક દૃશ્ય

નિશાન હુદ્દેદાર સાહી ગજ ઉપર આરુઢ છે
બીજાય સ્વાર અપાર જેનું હર્ષઘેલું ઉર છે
આ ઠાઠમાઠે સ્વારી ચાલી વાદ્ય વિધવિધ વાગતાં
વાજીંત્રનો શુમાર નહિ સુણનારને પ્રિય લાગતાં. ૧૮

સાજન પુઠે સોના બગીમાં ખૂદ શ્રી બિરાજીયા
જેને જરીની પાઘ માથે વરસમા વરણાગિયા
શૃંગાર ઝળકે રત્નના મુક્તા હીરા પન્ના તણા
ઉંચા થઇને લોક નીરખે રાજ્યના બીજા ઘણા. ૧૯

આ રીત સ્વારી રાજમ્હેલથકી ફરી લ્હેરીપુરે
જનતા જુવે છે ઠાઠને આનંદ ઉછળે છે ઉરે
નીઘા સલામે નાદ નેકીદારના સૂણાય છે
એ શબ્દથી મહારાજશ્રીને નમન જનનાં થાય છે. ૨૦

આ ઠાઠ આવ્યો બહુચરાએ ભૂપ બગીથી ઉતર્યા
મંદિર જઇને માતુશ્રીને હસ્ત જોડીને નમ્યા
કરી ભેટ શ્રીફળ અર્પીને લઇને પ્રસાદી માતની
શ્રીમંત છત્રી દર્શને સ્વારી ગઈ શુભ ઠાઠની. ૨૧

વિધિય કેદારેશ્વરે થઈ ત્યાં થકી પાછા વળ્યા
કોઠી વટાવી પ્રતાપસિંહ રાજમહેલે આવિયા
સંક્ષેપ શોભા વર્ણવી જેઠમ કવિએ કાવ્યથી
બુધ્ધિ અનુસારે મુકયો રસ પ્રેમ ભક્તિભાવથી. ૨૨

૧૩ દેવદર્શન

દોંડી

ગાયકવાડી ધર્મ રાજ્ય કહેવાયે, ધર્મ પુન્ય દાન સતત જહીં થાયે
દેવઘરની માંહી દેવતા પૂજાય, ગુરુ આચાર્ય પૂજ્ય રાજ્યમાં ગણાય, ૧

રાજ્ય મંદિરના પુંડરીક દેવ, જેની ભાવ સહિત થાય નિત્ય સેવ,
પૂર્ણ વૈભવથી ઉત્સવ ઉઝવાય, કથા કીર્તનો રસિક તહીં થાય. ૨

રાજ્યારોહણનો આવિયો પ્રસંગ, જામ્યો નવલ આ વડોદરે સુરંગ.
મહારાજ શ્રી પ્રતાપસિંહ સ્વારી, નીકળી દર્શને ઠાઠ થકી ભારી. ૩

વિઠ્ઠલ મંદિરે પધાર્યા મહારાજ કરી પ્રણામ ઘણું ઉત્તમ કર્યું કાજ,
મહા મૂલ્યનો શિરપેચ કર્યો ભેટ, એવી કીધી ભેટ રોકડની નેટ. ૪

પૂજ્ય દેવ ખંડેરાવ સુખનિધિ, તહીં ભેટ મહારાજશ્રીએ કીધી,
કીધી ભેટ રૂડી નરહરીને એમ, માત બહુચરીને અર્પી ધરી પ્રેમ. ૫

પ્હોંચી દ્વારિકાના નાથને ય ભેટ, ભાવ સહિત પ્હોંચી ભેટ તેવી બેટ.
રાજ્ય મંદિરોએ દેવ જે બિરાજે, કરી અર્પણ તહીં ભેટ મહારાજે. ૬

ડંકપુર શ્રી રણછોડ તણું ધામે, પૂજે નામે શીર હિન્દુઓ તમામ,
જહીં બેશ ફતેસિંગની હવેલી, દેવ દર્શનને સારુ જે કરેલી. ૭

શ્રી રણછોડરાય હાલ જ્યાં બિરાજે, સિંહાસન એ કરાવ્યું પ્રભુ કાજે.
અમર નામ રાજ્ય રાણીનું સદાય, ગાયકવાડ ભક્તિ સાચી કહેવાય. ૮

રાજ્ય ગાદી ઉત્સવે મંદિર ગાજે, કરી ભેટ રાખી ભાવ મહારાજે
તેમ ભેટ શ્રી રણછોડરાય દ્વારે, કરી પ્રતાપસિંહ ધર્મને વિચારે. ૯

શ્રી ખંડેરાવ મંદિર

કવિત

સાંજે સાડા પાંચ વાગે મહારાજા પ્રતાપસિંહ
સોનાની બગીમાં બેઠા ઉત્તમ પોશાકથી
સમારંભ રક્ષક રસાલો તે આગળ હીંડયો
મહારાજ સવારી ચાલી દર્શને ઠાઠથી
ખંડેરાવ માર્કેટથી બોલાઈ મંદિર પંથે
સાજન શોભતું ચાલ્યું ઉરના ઉત્સાહથી
શ્રીમંત સ્વારી જોવાને ભીડ થઈ માનવીની
દર્શન કરીને આવી પરત મહારાજની. ૧૦

શ્રી વિઠ્ઠલ મંદિર

રુચિરા છંદ

માંડવી પાસે વિઠ્ઠલ મંદિર, વિઠ્ઠલ દર્શન કરવાને
દસરાની સ્વારીને ધોરણ આનંદ લેવા દેવાને
લશ્કર સઘળું સજ્જ થઈને નીકળીયું સ્વારી રૂપે
દરખદાર સરદારો સાથે અમલદાર મોટા દીપે. ૧૧

સુવર્ણની અંબાડી ગજ પર મહારાજ તેમાં બેઠા
જોવા મળિયા લોક હજારો કંઇ ઉભા ને કંઇ બેઠા
રાજમહેલથી નીકળી સ્વારી કોઠી રસ્તા પર આવી
કોઠી રાવપુરાએ થઈને ચીમનાબાઈ ટાવર આવી ૧૨

ત્યાંથી બાગ જયુબીલી થઇને ન્યાયમંદિરે શોભી રહી
લ્હેરીપુરે થઈ માંડવી આવી વિઠ્ઠલમંદિર નજીક અહીં
વિઠલ મંદિર જે સરકારી શોભા ત્યાં અદ્દભુત કરી
કમાન પાસે આવ્યો હસ્તી છડીદાર નેકી ઉચરી. ૧૩

મહારાજા મંદિર પધાર્યા વિધિએ કીધાં દર્શનને
ભીડ થાય માટે અટકાવ્યા પ્રથમ થકી પુરના જનને
વિઠ્ઠલ પ્રભુનો પ્રસાદ લીધો નમન કર્યું શ્રી વિઠ્ઠલને
ગજ આરૂઢ થયા મહારાજા શું વર્ણવીએ એ પળને. ૧૪

સ્વારી આમ લ્હેરીપુર આવી ન્યાયમંદિરે થઈ ચાલી
રાજમહેલ રસ્તેથી થઇને રાજમહેલ આવી ન્યાળી
સોના ચાંદીની તોપો રથ ખાસા ઘોડા શણગારે
એક એકથી સામન ન્યારો તે દીપતા હારે હારે. ૧૫

નહીં શોભા દસરાથી ઓછી વાદ્ય રસાલો પણ એવો
સાજનની શોભા શું કહીએ ઠાઠ નહિ જેવો તેવો
જનતા હરખી સ્વારી નીરખી વૃદ્ધે પણ નિરખી ન્હાઈ
પ્રત્યક્ષ દીઠી તેનું વર્ણન કરે કવિ જેઠમ ભાઈ. ૧૬

૧૪ મહત્ પ્રસંગો

કેદીઓની મુકતતા

ઈંદ્રવિજય વૃત્ત

રાજવી ગાદીનશીન થયા પછી તુર્ત થયા જહીં તોપ બારો
તે સમયે કરૂણાળુ નૃપે કંઈ કેદી તણો કરિયો છુટકારો
તે સઘળા થઈ બાણું હતા નવ ફાંસી સજા માંહી કીધ ઘટારો
ફાંસી કરી રદ્ જન્મ સુધી કેદ એ બેદ અતિ સુખકારો. ૧

દોહરા

સમસ્ત કેદીઓ હતા બસો અને સિત્તેર
લાભ તેમને આપીયો કરી સજામાં ફેર. ૨

ગૃહોદ્યોગ પ્રદર્શન

ઉપજાતિ વૃત્ત

પચીસમીએ નવે સહવારે, જોવા મળી મેદની લોક ભારે
કલાભવનની નજદીક ચારૂ રચ્યું હતું સંગ્રહસ્થાન ન્યારૂં. ૩

કોટેજ ઇન્સ્ટીટયુટમાં શ્રીમંતે ખુલ્લું મુકયું સંગ્રહસ્થાન ખંતે
શોભા નિહાળી થઈ રાજી સૃષ્ટિ આનંદની ત્યાં થઈ હેલવૃષ્ટિ. ૪

લોકો તણો નીરખવા સુભાવ, આવો ન આવે કદી અત્ર લ્હાવ
વડોદરામાં ખુબી આ પહેલી, આવી પ્રજાએ ન કદી દીઠેલી. ૫

પોણા છ વાગ્યે થઇ અન્ય વિધિ આનંદ સાથે વટપુર કીધી
આવા રૂડા મંગલના પ્રસંગે, આવ્યા સબંધી ઉપયોગ રંગે. ૬

કવિત

રાજ્ય-અભિષેક કોનશિલા જીમખાના તણી
બેસાડવા ક્રિયા થઈ પોલોના મેદાનમાં
શ્રીમંતને સાથે કૃષ્ણમાચારીયજી દિવાન
રૂડી કરી પ્રેરણા પ્રભુએ આવી ધ્યાનમાં
વિનતિ દિવાને કરી કોલ્હાપુર નરેશને
શિલા બેસડાવી નૃપ હસ્તે બહુ માનમાં
શ્રીમંતની સ્વારી છત્રપતિ રાજારામ સાથે
નીકળી બગીમાં બેસી ગઈ જીમખાનમાં. ૭

દરબારો

સવૈયા છંદ

સત્તાવીસ એપ્રીલ ગુરુવારે સાત વાગતે હતું સ્હવાર,
પોલો ગ્રાઉન્ડના મંડપ માંહી ભર્યા મતાદારી દરબાર,
આનંદ હેલી ત્યાં થઈ નવલી ભલો દબદબાનો દેખાવ
મતાદાર વિધ વિધ ગામોના આવેલા ઉર રાખી ભાવ. ૮

વહિવટદારે કરી વ્યવસ્થા મ્હાલ મ્હાલ અધિકારી સાર,
મિજલસ શોભે મતાદારની તહીં પધાર્યા શ્રી સરકાર.

કૃષ્ણમાચારીય દિવાન સાથે સુબાઓ પણ ત્યાં પેખાય,
નેકી નાદે મુજરો થયલો મહારાજા નિરખી મુસકાય. ૯

અનુક્રમે સહુ નામ પ્રમાણે મુજરો કરીને બેસે ઠામ
ગામ નામની થઇ પ્રસિદ્ધિ પૂર્ણ થયું નિર્વિઘ્ને કામ,
સાડા દસ વાગતે પછીથી હૉલ ન્યાય મંદિરમાં બેશ,
નજરાણાનો મિશ્ર થયો દરબાર પધાર્યા જ્યાંહી નરેશ. ૧૦

પોલીસ બંદોબસ્તે પાકો માર્ગ તણું થયલું રોકાણ,
એકમેક જણ કારણ પૂછે શ્રવણ કરે ને રાજ્ય વખાણ.
હૉલ ભરાયો ચીકાર આજે ઠાઠમાઠ જબરો દેખાય,
ધ્વજા બાવટા તોરણ શોભે લોક જોઇને ઉર હરખાય. ૧૧

નજરાણાના ક્રમ વિષે પણ થઇ વ્યવસ્થા નિર્મિત સાર,
પ્રતાપસિંહ જુવે મુખ હસતે ટગટગ જોતા પુરુષ અપાર.
સિદ્ધરાજ વનરાજ શિવાજી પ્રતાપ ને પૃથુરાજ ચોહાણ,
ભર્યા હશે દરબારો આવા આપણ સઘળા છીએ અજાણ. ૧૨

પ્રતાપસિંહે પ્રત્યક્ષ દાખ્યો રાજ્યારોહણ વૈભવ શહેર;
આગળની વાતો શીદ કરીએ શીદ પૂછીએ કઇને પેર,
પ્રજા ભાગ્યશાળી વટપુરની રંગ સ્વારીઓ ન્યાળે ખેલ,
રાજ્યારોહણ શોભા નવલી આવી નિરખી પ્રત્યક્ષ પ્હેલ. ૧૩

સવા ચાર વાગ્યે પોશાકી રાજમ્હેલ રુડો દરબાર,
ગાડી મોટરોની થઇ ગીરદી ઘડીયાળે જ્યાં વાગ્યા ચાર.

સરદારો ને ઇનામદારો સંભાવિત ગૃહસ્થો એમ,
શ્રીમાન આવ્યા શેઠ નગરના જેને જેવો નાતો પ્રેમ. ૧૪

બેઠક સહુએ રીત પ્રમાણે અનુક્રમે લીધી છે સાર
વિગત તેની કાવ્યે કહીએ તો કથતાં ના આવે પાર.
મહારાજાની પાસે મંત્રી થયો ઉમળકે તે પોશાક,
રાજસ્તંભ સરદારે કીધા જયકારી તે નીકળે વાક્. ૧૫

એકમેકથી પોશાકે ત્યાં ચઢીઆતો દાખ્યો દેખાવ,
રંગ દીપે જરીયાની ઝળકે દર્શાવ્યો સહુએ પૂર ભાવ.
થયાં પાન સોપારી તેવી કલગી ગોટા ફૂલના હાર
શ્રીમંત ઉઠયા થઇ સલામો જેઠમ વાધ્યો જયજયકાર. ૧૬

પટેલ મતાદારોનો પેહેલો દરબાર

કવિત

સત્તાવીસ તારીખે સવારે સાડાસાત વાગ્યે
પોલો ગ્રાઉન્ડે મંડપ બંધાયો તેની મહીં
આશરે હજાર ત્રણ પટેલ ને મતાદાર
આવેલા મુજરો સમારંભ ગાદીનો ચહી
શ્રીમંત પધાર્યા તેને મુજરો સહુએ કર્યો
નજરાણાની તો માફી શ્રીમંતે આપી સહી
મતાદાર પટેલને પાઘડી દુપટો મળ્યો
રાજી રાજી થયા એ પોશાક હાથમાં ગ્રહી. ૧૭

દોહરા

મતાદાર પટેલો તણો બેશ થયો દરબાર
પાન સોપારીથી થયો પોશાકે સત્કાર ૧૮

પ્રશસ્તિઓ શ્રીમંતની ગવાઇ રૂડે પ્રકાર
પછી વિસર્જન ત્યાં થયો મતાદાર દરબાર. ૧૯

નજરાણાનો મિશ્ર દરબાર

કવિત

સાડા દસ વાગે ન્યાયમંદિર દિવાનખાને
દરબાર થયો બીનલષ્કરી ને લષ્કરી
દરબારીઓ ને રાજવંશીઓ આવેલ હતા
બહારના મેમાનનીએ હતી જહીં હાજરી
વડોદરા શહેરના અમલદાર અને બીજા
તેમ દરબારો બીજા નોકર ને ઉપરી
જેથી હૉલ ન્યાયના મંદિરનો ચીકાર થયો
ગેલેરીયો પુરુષ ને સ્ત્રીઓએ પૂરી ભરી. ૨૦

શ્રીમંત પધાર્યા પછી નજરાણો શરુ થયો
સુવર્ણ પુતળીની નજર થતી દિસતી
નજરાણાને શ્રીમંત હસ્તનો કરતા સ્પર્શ
કારભારી ખાનગીથી વ્યવસ્થા તેની થતી

દરબારીઓએ દરબારને શોભાવ્યો બેશ
રેશમી જરી પોશાક દીપતો હતો અતિ
થયાં પાન સોપારી ને ફૂલહાર હૉલ માંહી
પધારી ગયેલ બાર વાગતાં મહીપતિ, ૨૧

દોહરા

થયો જહીં દરબાર તવ ગાયાં મંગલ ગીત
ઉર્દુ સ્તુતિ ગવાઈ છે ચહી રાજ્યનું હિત. ૨૨

ખાસ સંસ્થાનિક પોષાકનો દરબાર

કવિત

લક્ષ્મિવિલાસ ને રાજવાડે સાંજે સવાચારે
સંસ્થાનિકો અને તેના પ્રતિનિધિઓ તરફથી
શ્રીમંતને પોશાક અપાયો તે સ્વીકાર કર્યો
દરબાર દીપી રહ્યો સંસ્થાનિક ઠાઠથી
દરબાર માંહી રાજવંશી અને પરોણાઓ
નજરે આવતા હતા જેઓ બેઠા માનથી
પાન ને સોપારી થયાં ફૂલહાર લેઈ પછી
દરબાર વિસર્જન થયો રાજમહેલથી. ૨૩

અગડના ખેલ

કવિત

અગડના ખેલ થયા સત્તરમી ગુરૂવાર
મેહેમાને મતાદાર મંડળે નિહાળિયા

પોપટે બંધૂક ફોડી ચાંચથી કર્યું છે કામ
ખેલ આ અજબે જન આશ્ચર્ય તો પામિયા
ગજ સાઠમારી જોઈ શ્રીમંતની હાજરીથી
લ્હાવો લેવડાવ્યો લોક જોઇને ખુશી થયા
વખાણ પ્રતાપસિંહ તણાં બહુ પ્રજા કરે
જેઠમ જે આજથી જ જનતાને ભાવિયા. ૨૪

પટેકરી ખેલ ને લડત મરઘાંની થઇ
વજ્રમુષ્ટી અને પછી પંજાબી કુસ્તી થઈ
ચિત્તાઓનો ખુલાવો ને ઘેટેઘેટાંની લઢાઈ
ઘેટાં અને મનુષ્યની લઢાઈ થઈ જહીં
પાડાને પાડાની વચ્ચે ટક્કર તે જોવા જેવી
મનને રંજક હાથીખેલ તે થયો અહીં
ડાગદારી દીલ ખુશ થાય એવી સર્વે જોઈ
પરોણા પટેલ સારૂ ખેલ આ થયા સહી. ૨૫

મતાદારોનો બીજો દરબાર

કવિત

સત્તરમી ગુરૂવારે બીજો દરબાર થયો
ઠાઠમાઠ બેઠકથી રહ્યા મતાદારનો
બિરાજ્યા પ્રતાપસિંહ ખુદ ત્યાં દિવાન સાથે
મુજરો થયો છે જ્યાં વિનય અને પ્યારનો

થાય છે સલામ શીર ઝૂકતાં સરવ તણી
વિધિએ થયો છે જહીં નામના ઉચ્ચારનો
મતાદારો પ્રસન્ન થયા છે મ્હાલ ગામ તણા
ઉઠયા મહારાજ થયો શબ્દ જયકારનો. ૨૬

રાજમ્હેલે ઉપવન સંમેલન અને કલાભવન મેદાને આતશબાજી

સવૈયા છંદ

તારીખ અઠ્ઠાવીસની રાતે સાડા નવનો હતો શુમાર
ભવ્ય પાર્ટી ગાર્ડનની આપી હર્ષ નિમિત્તે શ્રી સરકાર
રાજ્યારોહણ થયો મહોત્સવ એ તો સહુને રહેશે ધ્યાન
મીજબાની પણ અંતર રહેશે ખાન પાન ને ઉત્તમ સ્થાન. ૨૭

એ સ્થાનક છે રાજ્યમ્હેલનું ધર્યો બેશ ભૂમિએ શૃંગાર
રંગ રંગનાં ચિત્ર અનુપમ હરખે જોતાં ચિત્ત અપાર
કરી રોશનાઈ સહુ ઠામે ફુલઝાડ વાળો વિભાગ
વિજળી દીપકથી તે ઝળકે પ્રકાશ કરતા દીપ અથાગ. ૨૮

ઝાડ સહિત પર દીપક દીપે થયો અવનવો પૂર્ણ પ્રકાશ
રાજમ્હેલની ચારે બાજુ ફ્લડ લાઇટ કીધું છે ખાસ
શોભા સુંદીર અનુપમ આવી રોશનાઇ આપે આનંદ
વિશેષનું મનહરથી વર્ણન કહે કવિ જેઠમ દ્રય છંદ. ૨૯

કવિત

ગાર્ડન પાર્ટીની માંહી કરમણુકના ખેલ
ગાન તાન જાદુ ખેલ શુટીંગના થાય છે
ભારતીય નૃત્ય મૂક અભિનય તેમ નૃત્ય
મણીપુરીની ઉપર રંગોળી પુરાય છે
નાળીએરની ઉપર નિશાનને તાકવાનું
ગોફગુંથન એ થાય ગરબા ગવાય છે
એવો અહો કાર્યક્રમ ગોઠવાઈ કાર્ય થયું
જેઠમ સુણીને વાંચી લખી કાવ્ય ગાય છે. ૩૦

ગાર્ડનપાર્ટીમાં બહુ બહારના પરોણા હતા
શોભામાં વધારો તે મહેમાનથી થયો હતો
પાર્ટીને સમયે બધે શ્રીમંત ફરતા હતા
જોઇને પ્રસન્ન થતા દેખાવ તે દીપતો
યોગ્ય લાગે તેની સાથે વાત કરતા શ્રીમંત
સર મનુભાઇએ સાચવ્યો નાતો શોભતો
લેડી મનુભાઈ સાથે હતાં આ પાર્ટીની માંહી
જેઠમે કહીને સાર અન્યને કર્યો જતો. ૩૧

ગાર્ડન પાર્ટીમાં ભોજનવ્યવસ્થા

કવિત

ગાર્ડન પાર્ટીની માંહી બેઠક સુંદીર કરી
અનુપમ ખુરશી ને ટેબલોએ શોભતાં

ટેબલ ઉપર પણ ઓછાડ અનેક ધર્યા
સ્વચ્છતા સુંદરતામાં શાની હોય ન્યૂનતા
રકાબીઓ ગોઠવાઇ પુરણ વસ્તુને ભરી
પહેલા કોઇ પછીથી ઉમદા નર આવતા
રાજ્યના પરોણા રાજઘરાણું ને આપ્તવર્ગ
શેઠ ને શ્રીમંત અધિકારી આવ્યા દિસતા. ૩૨

આઇસક્રીમ તે રંગદાર ને સુગંધીદાર
લીલો સુકો મેવો ગોઠવેલ જાતજાતનો
સઘળી મીઠાઇ તાજી સ્વાદ વાળી શોભે સારી
ગણાવી જાણીતી ચીજ વધારૂં શું વાતને
સેંકડો સજ્જન મળ્યા વસ્તુને આપીને ન્યાય
ચાહ કોફી આદી લેઇ ધોઇ નિજ હાથને
પાન લેઇ વિખરાઇ પ્રેમ ભરી પારટી તે
આતશબાજીને જોવા ગયા વેઠી રાતને. ૩૩

કામાટી બાગમાં જનમેળો

હરિગીત વૃત્ત

ઉત્તમ કામાટી બાગમાં સ્ત્રી પુરુષનો મેળો થયો
તે આઠથી અગીયાર લગભગ બાર સુધી ત્યાં રહ્યો.
મેળાવડામાં કરમણુકના ખેલ મન ખેંચી રહ્યા
જાદુ પ્રયોગો ને તમાશા શક્તિના સારા થયા. ૩૪

નકલો બહુ જ પ્રકારની સારંગી તબલા વાગતાં
સીતાર દીલરુબા અને ત્યાં ફીડલ પણ જોયાં હતાં
કાંસી અને ડફ ખંજરી ને એકતારો મંજીરા
એવાં ઘણાં વાજીંત્ર પેટીના બજૈયા ત્યાં ખરા. ૩૫

કોલાટી નટના ખેલ ને તેવા મદારી ખેલ છે
ત્યાં ભાંડ નકલી ને ભવાયા બેશ તે આવેલ છે
જાદુગરો ને કસરતી તલવાર ફેરવનાર છે
પટ્ટા રમે તે આવિયા રમનારનો ક્યાં પાર છે. ૩૬

હીરક મહોત્સવ સમયમાં આનંદ લીધો જે પ્રજા
તેવી કામાટી બાગમાં સહુને પડી જોવા મઝા
આવ્યા ગવૈયા બહારના જેની પ્રસિદ્ધ ગાનથી
આવી નૃતિકા નાચતી ને ગાતી ટપ્પા તાનથી. ૩૭

નહીં કોઈ વાતે ન્યૂનતા બહુ ભારી જલસો જામિયો
જેને સદા સંભારશે આ પુરજન પરગામીઓ
તારીખ સત્તાવીસ ગુરુ એપ્રીલ મહીનો હર્ષનો
શું વર્ણવે આનંદ જેઠમભાઈ કવિ આ વર્ષનો. ૩૮

નાટ્ય પ્રયોગો

શિખરિણી વૃત્ત

પરોણા આવે છે ઘર ઘર વિષે લગ્ન વખતે
જનોઈમાં આવે વિનય જણવે પત્ર લખતે
સુવાની ખાવાની સવડ સહુએ હોંસથી કરે
વળાવે પ્રીતિથી કંઈક જણ સાથે પણ ફરે. ૩૯

તથાપિ કોઇએ હજી સુધી નથી કીધું નવલું
કીધું તે શ્રીમંતે અચરજ થવા કામ ઉમદું
ખુશીના પ્રસ્તાવે ખબર થઇ છે હિન્દ ભરમાં
બહુ વસ્તી આવી વટપુર વિષે આ સમયમાં. ૪૦

ઘણા આવે જોવા રમુજી નર અહીં નાટ્ય નીરખે
પ્રસંગે દર્શાવ્યું નિરખી રમુજે લોક હરખે
પરોણા આવ્યા ને વળી પુર નૃપે અન્ય જનને
નિમંત્ર્યા તેવાનું દીલ ખુશ થવા ખર્ચ્યું ધનને. ૪૧

કવિત

નાટક સીનેમા જોવા હોંસ નથી શ્રીમંતને
ખેલને જોવાનો નથી શૉખ ગુણવાનને
માંગલિક પ્રસંગે સહુને લાભ આપવા ને
જોવાની જરૂર ધારી શોભાવવા સ્થાનને
સરકસ જોવા સાથે અવધી કલાક ત્રણ
આપ્તવર્ગ અને કૃષ્ણમાચારી દિવાનને
સોબતી કરીને જોયા ખેલ ને આતશબાજી
જેઠમ શ્રીમંતે આપ્યું સરવેને માનને. ૪૨

કવિત

વાંકાનેર નાટકશાળામાં ચાર ખેલ થયા
નાટકમંડળી બાલમોહન એ નામની

તારીખ છવ્વીસમીએ 'ભ્રમાચા ભોપળા' ખેલ
'ઘરા બાહેર' નો ખેલ કીધો અઠ્ઠાવીસમી
ત્રીસમીએ 'ઉધાચા સંસાર' નામે ખેલ થયો
'સંશયકલ્લોલ' ખેલ થયો ગઈ ત્રીસમી
નાટકનો વખત સાડાનવનો ઠીક હતો
નાટકની કંપની બીજી એ સહુને ગમી ૪૩

મોરબી થીએટરમાં આર્યનૈતિક સમાજ
નાટકની મંડળી બપોરે કીધો ખેલ છે
છવ્વીસમી તારીખે 'સળગતો સંસાર' ખેલ
સત્તાવીસમીએ 'સુખી કે દુખી' કીધેલ છે
'સમ્રાટ હર્ષ' એ નામે ખેલ અઠ્ઠાવીસે કર્યો
રાતે 'જય ચિતોડ' નો ખેલ ભજવેલ છે
પરોણા ને આમંત્રિત સજ્જન પ્રસન્ન થયા
જેઠમ કહે છે આ આનંદની તો લ્હેલ છે ૪૪

લક્ષ્મી પ્રતાપ એ નામે થિએટર તેની માંહી
લક્ષ્મીપ્રતાપ નાટક સમાજ તરફથી
છવ્વીસ ને સત્તાવીસ તારીખે થયા છે ખેલ
ભજવી બતાવ્યા સીનસીનેરી ભભકથી
છવ્વીસમી અઢી વાગ્યે બપોરે બતાવ્યો ખેલ
રાતે ખેલ શરૂ હતો બેશ સાડાનવથી
ન્હોતર્યા પરોણા ને મજાહમાં ન બાકી રહી
જેઠમ પ્રજાએ રીઝી પૂર્ણ મહોત્સવથી. ૪૫

બાલગન્ધર્વ નાટક મંડળીએ સાડાનવે
સત્તાવીસમીએ ખેલ રાત્રીએ કર્યા હતા
'સંગીત સૌભદ્ર' ખેલ પ્રથમ કરેલ હતો
ખેલને જોવાને અધિકારી પણ આવતા
તારીખ ઓગણત્રીસે 'સ્વયંવર' નામે ખેલ
'સંગીત મૃચ્છકટિકે' કરેલી પ્રસન્નતા. ૪૬

સીનેમા

ઈંદ્રવિજય વૃત્ત

મોહન ટોકીઝ સુપ્રીમ ટોકીઝ પ્રિન્સ પ્રતાપની ટોકીઝ એમાં
અનુક્રમે બહુ બેશ સહુ જન નિરખીયા તહીં ખેલ સીનેમા
દુશ્મન ને ગ્રામોફોન પછી થકી જંગલ કિંગ નિહાળી ખુશીમાં
સજ્જન રાત્રી બપોર વિષે જતી આવતી મંડળી સ્ત્રી પણ તેમાં. ૪૭

દોહરા

બપોર સાડાત્રણ થકી ખટ વાગ્યા સુધી યોગ
ત્યાર પછીથી નવ સુધી બે ઠીક થયા પ્રયોગ. ૪૮

સર્કસ

કવિત

છ૦વીસ તારીખ અને સત્તાવીસ અઠ્ઠાવીસ
પરશુરામ લાયન સર્કસના ખેલો થયા

કોઠીને ઓફીસ તણું સર્કલ ગ્રાઉન્ડ ભૂમિ
લાયબ્રેરી પાછળ પરોણાઓ જોવા ગયા
સર્કસ દેખાવ મનોરંજક ને ભવ્ય સાજ
પ્રાણીઓ જે માંહી કેળવાયલાં સહુ રહ્યાં
ખેલના ખેલાડીઓની હિંમત ને ચતુરાઇ
જેઠમ પરોણા જોઈ શબ્દ ધન્ય છે કહ્યા. ૪૯

કવિત

અઠ્ઠાવીસમીએ સાડા સાતથી કલાક એક
ક્વાયત લશ્કરની થયેલી સ્હવારમાં
દસથી કલાક એક આયના મહેલ માંહી
શિષ્ટ સંભાવના થઇ વિવેક ઉચ્ચારમાં
બાર પછી એક સુધી મહેમાનને મીજબાની
સાડા ચારે શ્રીમંત પધાર્યા દરબારમાં
આવેલા મહેમાનની સંભાવના પોશાકે કરી
આયના મહાલ માંહી આવી પૂરા પ્યારમાં. ૫૦

છોકરા છોકરીઓનું સંમેલન મોતીબાગે
તારીખ વીસ ને નવે હતો હર્ષ ઉરમાં
નવ થકી અગીયારે માનપત્ર દરબાર
દબદબા ભર્યો થયો ન્યાયના મંદિરમાં
રાતે સાડા આઠ થકી સાડા નવ સુધી હતી
મંત્રીજીની મીજબાની વાની ભરપૂરમાં

દીલારામ બંગલે આનંદ તણી હેલી થઇ
જેઠમ પ્રતાપસિંહ રાજની હજૂરમાં. ૫૧

ત્રીસમી સહવારે સ્ટેડીઅમ તણી કોનશિલા
બેસાડવા સમારંભ કેમ્પમાં રુડો હતો
શેવંતી બાગના બેશ બંગલા નજીક આજ
મહારાજ દિવાનથી સરદારે શોભતો
સાડા નવ થકી અગીઆર સુધી એજ દિને
સ્હવારે થયેલો દરબાર ન્યારો દિસતો
સન્માનનાં ચિહ્ન તે અપાયાં જ્યારે રાજમહેલ
જેઠમ એ ઠાઠ પણ આનંદ વર્ષાવતો. ૫૨

પછી રાજ્યમાંની સ્ત્રીસમાજ તણું માનપત્ર
મહારાજ મહારાણી આપવાને ત્હેમને
થયો દરબાર તે ઉત્સવભર્યો રાજમહેલ
આપીયું દંપતિને ત્યાંહી અભિનંદનને
સરદાર મંડળીની મીજબાની રાતે થઇ
જહીં ન્હોતરેલા શેઠ શ્રીમાન સજ્જન ને
રાજ્ય ઘરાણાની સાથે પધાર્યા પ્રતાપસિંહ
કવિતા ગાવાનો લાભ મળેલો જેઠમને. ૫૩

પુસ્તકો અર્પણ ક્યાં કવિએ શ્રી રાજવીને
પુત્રોત્સવ પોથી યુવરાજના વિરહની
ભક્તિ ચિંતામણિ રણછોડલીલા ગ્રંથ તણી

ભાવ ભરી ભેટ ધરી કાવ્યની હતી કૃતિ
સયાજી મ્હારાજે જે સુણેલ હતી સાવલીમાં
પ્રસન્ન થયાની વાત જાણવા મહીપતિ
કહીને નમન કરી મંગલ અષ્ટક કહ્યું
બેઠક જ્યાં હતી બેશ રાજવીથી શોભતી. ૫૪

પહેલીએ ને સોમવારે કોનશિલા બેસાડી છે
પાદરાને રસ્તે બ્રૉડકાસ્ટીંગ સ્ટેશનની
પછી દરબાર લોક તેનાતી નોકર તણો
દરબાર હૉલમાં થયો ઉલટે મનની
સાંજે છથી સાત સુધી મ્હાજન મંડળી તણું
માનપત્ર અપાયું સલામી કૃપાવંતની
ઉપવન સંમેલન થયેલું નજરબાગે
લખવાને બીના થઇ કલ્પના જેઠમની. ૫૫

રાતે આઠ થકી નવે ભીજબાની બેશ થઈ
રામનિવાસ ઘોરપડે સરદારની
નવ વાગ્યા પછી સાડા બાર સુધી નાટ્ય ખેલ
બીજીએ સ્કાઉટ રેલી બાગે થઇ બહારની
દસ થકી અગીયારે સહકારી મંડળનું
માનપત્ર અપાયું છે શ્રીને તહીં પ્યારની
અને ત્યાં ઉમળકાની દૃષ્ટિ સહુ જોતા હતા
બોલબાલા બોલતા હતા તે સરકારની. ૫૬

બીજીને મંગળવારે સાંજે છથી સવા સાત
ઉપવન સંમેલન નજરબાગે હતું
ધારા તણા સભ્યોનો ઉત્સાહ પરિપૂર્ણ થયો
થયું ઠામ ઠામ થકી સંમેલન શોભતું
આઠ થકી નવ સુધી પોલો કલબ મીજબાની
સુધરાઇ માનપત્ર ત્રીજી બુધે શોભતું
ઉપવન સંમેલન ખંડેરાવ મારકીટે
વિજળીના દીપક પ્રકાશે બહુ દીપતું. ૫૭

રાતે નવે મીજબાની ઇન્દુમતિ મ્હાલ માંહી
સહવિચારિણી સભા તેણે આપી માનથી
એલેમ્બીક કંપનીનું માન તે ચોથીએ હતું
ઉપવન સંમેલન કારખાને શોભતું
લશ્કરી અમલદારે ભાવે આપી મીજબાની
ગેસ્ટહાઉસ તો દીપ પ્રકાશે પ્રકાશતું
પાંચમીએ મરાઠાસમાજ તણું સંમેલન
મરાઠા વસતિગૃહે ઠાઠમય લાગતું. ૫૮

સોરઠો

આઠ થકી નવ રાત, સયાજીવિહાર કલબ તણી
મિજબાની ભલી ભાત પાંચમી ને શુક્રે થઈ. ૫૯

માનપત્રના દરબાર

સવૈયા છંદ

સ્હવારથી દરબાર ભરાયો બેઠક ખુરશી ભપકાદાર
વડોદરા પંચાયત પ્રાંતે માનપત્ર આપ્યું સરકાર

રાજ્ય પ્રજામંડળ અભિનંદન માનપત્ર આપ્યું બેશ
બાદ અન્ય સુધરાઇ તરફથી સ્વીકારીયાં છે પત્ર નરેશ ૬૦

ડભોઇ ને પેટલાદ મકરપુર કરજણ ને પાદરા શીનોર
બહાદરપુર સંખેડા વળી ધરમજ વસો પટેલનું જોર
સોજીત્રા સુધરાઇ ભાદરણ માનપત્રનો થયો સ્વીકાર
પછી અભિનંદન માનપત્ર તે પંચાયતનાં જણવું સાર. ૬૧

ગામ કારવણ ને મંડાલા સીતપુર ને વસાઇ નામ
વઢવાણા ગામની પંચાયત માનપત્ર આપ્યાં મુદામ
મ્હેસાણા પંચાયત પ્રાંતિક તેવી મ્હેસાણા સુધરાઇ
કલોલ પાટણ વીસનગરની સુધરાઈ આ રીત ગણાઇ. ૬૨

સિદ્ધપુર ઉંઝા ચાણસ્મા આતરસુબા ને દેગામ
ખેરાળુ ધીણોજ વિજાપુર માનપત્ર સુધરાઇ તમામ
નવસારી પંચાયત પ્રાંતિક માનપત્ર લીધાની બાદ
સુધરાઇનાં માનપત્રને લીધાં કહું તે ધરી આલ્હાદ. ૬૩

નવસારી તેવું બીલીમોરા ગણદેવી તેવું વરીયાવ
કઠોર વ્યારાની સુધરાઇ સોનગઢે આપ્યું ધરી ભાવ
અમરેલી પંચાયત પ્રાંતિક ને અમરેલી સુધરાઈ તેમ
દામનગર ધારી સુધરાઇ કોડીનાર આપ્યું ધરી પ્રેમ. ૬૪

ઓખામંડળની પંચાયત માનપત્ર આપ્યું છે પ્રાંત
ત્યાર પછી દ્વારિકા બેટે માનપત્ર આપ્યું કરી ખાંત
વડોદરાની સહવિચારિણી સભા મરાઠા કેરી સમાજ
હિન્દુ પરિષદ ધર્મી મંડળ બ્રાહ્મણ સભા કર્યું એ કાજ. ૬૫

વડોદરા પારસી અંજુમન બીલીમોરા પારસીની સાર
તે જરથોસ્તિ ફંડ અંજુમન માનપત્રનો થયો સ્વીકાર
ગણદેવી પારસી અંજુમન સોનગઢે જરથોસ્તિ બેશ
માનપત્ર તેણે આપ્યું તે સ્વીકાર્યું વટપૂર નરેશ. ૬૬

અમરેલી કસ્બાના મુસ્લીમ કોમે મુસ્લીમ કોડીનાર
વડોદરાના ગૌડ સારસ્વત સમૂહ સામાજીક શ્રીકાર
ગણદેવી મહારાષ્ટ્રીય મંડળ વટપુર પ્રભુ કાયસ્થ સમાજ
પાટિદાર કડવા કારેલીબાગ તણાએ કર્યું આ કાજ. ૬૭

ઔદીચ યુવક સંઘ સિદ્ધપુર મહાસભા જે આર્યકુમાર
વડોદરાનીય અભિનંદન માનપત્ર આપ્યું સરકાર
વડોદરા મહીરેવા તેની બોર્ડિંગ લોહાણા નામ
મેથોડીસ્ટનું ચર્ચ બરોડા કેથોલીકે કીધું કામ. ૬૮

મહેસાણા ક્ષત્રીય જાતના આગેવાને આપ્યું માન
વ્યારાના ક્ષત્રિએ આપ્યું માનપત્ર વટપુર રાજન
રાનીપરજનું સેવામંડળ વિજાપુર મંડળ ઠકરાત
મહેસાણા ઠાકરડા જ્ઞાતિ માનપત્ર આપ્યું ભલી ભાત. ૬૯

ભીલનો સેવાસંઘ રાજ્યનો સોમવંશી જે જ્ઞાતિ મહાર
ઓખામંડળ વાઘેર જ્ઞાતી પ્રાંત અંત્યજો એમ અપાર
વળી પાદરા હરિજન ગુરુકુળ અંત્યજ તાલુકાના એમ
અંત્યજ શિક્ષક જે પાદરિયા માનપત્ર દર્શાવ્યો પ્રેમ. ૭૦

અંત્યજ સમાજ વડોદરાની મહેસાણા અંત્યજ પુજાય
વિજાપુર તાલુકા અંત્યજ સમાજ અભિનંદન હરખાય
અંત્યજ પરિષદ નવસારીની પ્રાંત સમિતિ જે કહેવાય
વડોદરા ભંગીજન સેવાસમાજ યશ અભિનંદન ગાય. ૭૧

માનપત્ર સ્વીકાર્યો સહુનાં વિધિ તે પૂઠે સાર
અભિનંદન દરબારે દીધાં પાન સોપારી ને ફુલહાર
આ રીતે દરબાર સહવારે ભવ્ય થયો ને વરસ્યો હર્ષ
કવિ જેઠમ પણ પ્રજા રાજ્યની ભૂપતિનો ઇચ્છે ઉત્કર્ષ. ૭૨

કવિત

બપોર પછીનો દરબાર પણ ભવ્ય થયો
થઈ પધરાઈ મહારાજ ને દિવાનની
અમલદારો હતા સંભાવિત તેવા જન
શોભા બની રહી દરબાર તણા સ્થાનની
ધ્વજા ને પતાકા ઉડે ફરફરે તોરણો એ
બહારથી નિહાળે લોક બેઠક માનની
બંદોબસ્ત પોલીસનો રોકે આવ જાવ જહીં
જેઠમ સહુને છે ફીકર નિજ જાનની. ૭૩

થઈ શરુઆત માનપત્ર અભિનંદનની
ઇન્ડિયન વીમેન્સની યુનિવર્સિટીએ
મુંબાઈની તેણે માનપત્ર આપ્યું શ્રીમંતને

ડેકન એજ્યુકેશન સોસાઈટી લહીએ
પુનાની તેણેય આપ્યું માનપત્ર દરબારે
રૈયત શિક્ષણ સંસ્થા સતારાની કહીએ
ભારતીય મરાઠા શિક્ષણ પરિષદ પુના
તેણે આપ્યું માનપત્ર આપ્યું પુસ્તકમાં ગ્રહીએ. ૭૪

ડેક્કન મરાઠા એસોસિએશન કેળવણી
પુના તેણે ય માનપત્ર બેશ આપિયું
ગ્રંથ સંપાદક અને પ્રચારક મંડળ જે
મુંબાઈનું તેણે માનપત્ર દીધું છાપિયું
મહારાષ્ટ્ર સાહિત્યની પરિષદ પુનાનીએ
આપ્યું માનપત્ર જેમાં વખાણ અમાપિયું
મહારાષ્ટ્રીય શબ્દકોષ તંત્રી વ્યવસ્થાપકોએ
ડાયરેકટરોનું માનપત્ર તે સ્વીકારીયું. ૭૫

મધ્ય ભારત દલિત ઉદ્ધારક મંડળ જે
ઈન્દોરનું તેણે માનપત્ર આપ્યું ભૂપને
ધનગર શિક્ષણ પ્રચારક સમાજ બેશ
સતારાની તેણે માનપત્ર આપ્યું ખૂદને
નાશીક મરાઠા વિદ્યા પ્રચારક સમાજેય
આઈ. પી. મિશન હાઇસ્કુલે શ્રી અનુપને
સુરતની તેણે માનપત્ર આપ્યું હેત ધરી
જેઠમ આપે છે માન શ્રીના ગુણ રુપને. ૭૬

ભારતીય પ્રાચ્ય વિદ્યા ભુવન રતનપુર
વિદ્યા પ્રચારિણિ સભા સ્કુલની લોનાવળા
પંચાલ યુવક મંડળ તે અમદાવાદનું
ડેક્કન જીમખાનાએ આપ્યું માન ઊમદા
લીમીટેડ કંપની સતારા જેનું નામ કહે
લૉન્ગ લાઇફ ઇન્સ્યુરન્સ કંપની યદા
સતારાની માનપત્ર અભિનંદનને દીધું
જેઠમ મહોત્સવમાં ભાગ લેવા જે મળ્યા. ૭૭

કાયસ્થ સમાજ ચાંદ્રસેનિય અમદાવાદ
કેળવણી સ્ત્રીમંડળ વડોદરા જાણીએ
બરોડા તણી એજ્યુકેશનની સોસાઇટી ને
વડોદરા સાહિત્ય સભા જેને વખાણીએ
જયસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય
વડોદરા રાજ્ય પુસ્તકાલય પ્રમાણીએ
મંડળ ત્હેનું ને પ્રેસ એસોશીએશન રુડું
ત્હેનાં પણ માન અપાયાં છે જાણીએ. ૭૮

ગુજરાત ન્યુ ઇરાનું ટ્રસ્ટ એજ્યુકેશનનું
સુલેમાની દાઊત તોલાંવાની મદ્રેસા અહી
હુસેમીયાં એમણેય અભિનંદનને આપ્યું
શ્રી સયાજી મોંટેસરી બાલમંદિરે સહી
વડોદરા કાયદા સંગ્રહની કચેરી તેણે
ગુરુ જ્ઞાન પ્રચારક સંસ્થા પાદરા મહીં

આઝમે અદબ સભા સાહિત્યની વડોદરે
માનપત્ર આપ્યાં મહારાજના ગુણો કહી. ૭૯

હીંગલાચાચર નામે લાયબ્રેરી પાટણમાં
ઘેલાભાઈ મુળજી પુસ્તકાલય સર્વનું
કેળવણી ઉત્તેજક મંડળ તે કડવાનું
કડીના રહેનાર સહુ પાટીદાર વર્ગનું
હિન્દવિજયને નામે વડોદરા જીમખાનું
પી. એફ. ટ્રુફ કલબ સ્કાઉટ એ કલબનું
અંજુમને ઈસ્લામ કઠોરની તરફથી
માનપત્ર ભાદરણ ખેતીવાડી પેઢીનું. ૮૦

કો-ઓપરેટીવ બેન્ક વડોદરા સેન્ટ્રલની
લીમીટેડ તેણે આપ્યું માન અભિનંદને
સહકાર સયાજી સેવક સંઘ વડોદરા
કોડીનાર સહકારી બેન્કિન્ગ યુનિયને
બીલીમોરા વ્યાપારી મંડળ મહાજન તેણે
ફેડરેશન ઓફ બરોડાએ સ્ટેટને
મીલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ વડોદરા માનપત્ર
કડી મહાજને માન આપીયું શ્રીમંતને. ૮૧

માનપત્ર આપીયું ચાણસ્માના મહાજને
ગ્રેઇન્સ એન્ડ સીડઝ એસોસીએશન ચાણસ્મા
મહાજન મંડળ ધીણોજ આપ્યું માનપત્ર
ડભોઇના પ્રેસ કારખાનદારો જીનના

ઓમ્બે બરોડાની એસ્યુરન્સ કંપની જે થઇ
લિમિટેડ તેણે કહ્યા ગુણ ગુણી ભૂપના
મેસાણા પ્રાંતનું વ્યાપારીનું જે મંડળ તેણે
માનપત્ર આપ્યું જેમાં ગુણ કહ્યા ખૂદના. ૮૨

વ્યાપારી મંડળ જે લાઇફ એસ્યુરન્સ કહે
ગુજરાત લીમીટેડ કંપની એ નામની
તેનું માનપત્ર મહાજન કોડીનાર તણું
સોનગઢ કસ્બા મહાજનની તમામની
આતુરતા થતાં માનપત્ર રાજવીને આપ્યું
અમરેલી નગરશેઠ ને પ્રજા ગામની
તેમની તરફનું અપાયું માનપત્ર અહીં
જેઠમ કવિએ લખ્યો ગ્રંથ જાગી જામની. ૮૩

સંખેડા તિલકવાડા વ્યાપારી મંડળ અને
શીનોર મંડળ સાર્વજનિકે ઉલટથી
સિદ્ધપુર પટેલ ને મતાદારે માનપત્ર
અભિનંદને આપ્યું પ્રેમ આવ્યો ઘટથી
માયાવત સમાજ સુધારણાનું મંડળ જે
સહકારી તેણે આપ્યું માનને ચીવટથી
કોડીનાર તાલુકાના ઇનામદારોએ આપ્યું
કેમ્પ પ્રતિનિધિ આપ્યું બેશ આવડતથી. ૮૪

ગોપાલક પ્રાણીની રક્ષક સંસ્થા જેનું ગામ
આમલીયાસણ માનપત્ર આપ્યું પ્રેમથી
એવાં માનપત્રો આપનાર અભિનંદનને
આભાર માન્યો છે નમ્રતા વિવેક નેમથી
શ્રીમંત બેઠેલા દરબારમાં શ્રમિત થઇ
માનપત્ર સ્વીકાર્યા એ સર્વે માની રહેમથી
પાન ને સોપારી પુષ્પ અપાયાં છે દરબારે
મંડળ વિસરજન થયું હેમક્ષેમથી. ૮૫

૧૫ રાજ્યાભિષેક પ્રશસ્તિ

કવિત

અખિલ ભારત માંહી સેંકડો છે રાજ્યપતિ
છોટા મોટા તેમાં મુખ્ય નીઝામ ગણાય છે,
ગાયકવાડ ને રાજ સિંધીયા ને હોલકર
ઉદેપુર બીકાનેર મેવાડી કથાય છે,
મહીસુર કોલ્હાપુર રાજ્ય મહારાષ્ટ્ર માંહી
સોરઠમાં નાનાં મોટાં રાજ્ય તો ઘણાંય છે
વડોદરા રાજ્યનો વૈભવ જગ જાહેર છે
સઘળી વાતથી વીરક્ષેત્ર વખણાય છે. ૧

દાખલો પ્રત્યક્ષ અને મુકાબલો મુકીએ શું ?
પ્રતાપસિંહનો રાજ્યાભિષેક જોયો અહીં,
એવો તો ઉત્સવ ઉજવાયો નથી ક્યાંઈ પણ,
આવો ભભકો તો પ્રજા કોઇએ દીઠો નહિ
દામ હશે ઠામ હશે સાધન તમામ હશે,
નામ હામ હશે એમ રસાળ હશે મહી,
તથાપિ મહોત્સવ તો વડોદરે થયો એ જ,
જેઠમ ના અન્ય થયો તેમ ના થશે કહી. ૨

બેઠા રામ ગાદી તેની રચના હશે ના સાદી
કોણે જોઈ યાદી શોભા વૈભવ સામાનની
રઘુવંશે ગાયું તે સોહાયું સહાયું વાણી માંહી
કાવ્યમાં લખાયું ને વંચાયુ સુણ્યું કાનથી
સહુ વાત સાચી નથી કાચી દિલ માંહી રાચી
શોભા રાજ્યારોહણની જોઈ ધારી ધ્યાનથી.
દીઠું જે પ્રત્યક્ષ તેમાં લેશ નથી પક્ષ મારે
જેઠમ કવિએ લખ્યું સત્ય પૂરા ધ્યાનથી. ૩

અયોધ્યામાં રામજીનો રાજ્ય-અભિષેક થયો
રામાયણ માંહી લખી વાત વાંચી જાણી છે,
સહુ કથા સાચી નથી કાચી દિલ માંહી રાચી
ધર્મરાજરોહણની ભારતે વખાણી છે.
સિદ્ધરાજ શિવાજીની પાટણની પ્રૌઢતાની
કથાઓ કાને જ સુણી નજરે ક્યાં નાણી છે
પ્રતાપસિંહનું રાજ્યારોહણ પ્રત્યક્ષ દીઠું,
જેઠમ અપૂર્વ શોભા અંતરે ભરાણી છે. ૪

આ તે ઇંદ્રપુરી કે કુબેરની અલકાપુરી
અથવા શું શિવજીનો સુંદીર કૈલાસ છે!
બ્રહ્માની પુરી તો ન્હોય વિષ્ણુનું વૈકુંઠ હશે
હશે શું વરુણપુરી જ્યાં વરુણ વાસ છે
ગાયકો વસે છે ત્યારે હશે શું ગાંધારીપુરી
સૂર્ય વિના આવડો શો પુરમાં પ્રકાશ છે?

શાના ઝબકારા પળે રંગ થાય ન્યારા ન્યારા
લાગે બહુ સારા તારા સહુ જેના દાસ છે. ૫

દેવની દીવાળી નથી તેમ નથી માનવની
આવી નથી ક્યાંય ભાળી મુંબાઈ નિહાળી ના
રાત્રી અજવાળી ન્યાળી ભલે ને તે ઉજમાળી
લાગે છે સુખાળી ભલે કૃષ્ણપક્ષ વાળી ના
દીવા તો પ્રકાશે બહુ દેવની એ દીપમાળે
ઠાકોરને મંદિરે કે અંબા મહાકાળીના
આ તો સર્વ શોભા તે પ્રતાપસિંહનો પ્રતાપ
પૂર્વે હશે ભક્ત વનમાળી કે બિર્દાળીના. ૬

દ્વારિકાં વખાણે રહી વાત તે પુરાણે જાણે
સાંભળી ગાઈ છે વાણે જે પુરી વર્ણાયિ છે
સુદામાપુરી રુપાળી હતી ભવ્ય કોણે ભાળી ?
લંકા ના નિહાળી તેને વાતે શો ઉલ્લાસ છે
બારી ને અટારી સારી બેઠકો જ્યાં મોહકારી
ધારા શ્રેષ્ટ ધારી ભોજ વિક્રમની ખાસ છે
એ તો સૌ બિચારી ભરે વીરક્ષેત્ર આગે વારી
હોડે જાય હારી એવો પુરનો પ્રકાશ છે. ૭

૧૬ અભિલાષા

કવિત

ગાયકવાડનું ધર્મરાજ્ય અવિચલ તપો,
પ્રતાપી નીવડજો પ્રતાપસિંહ ભૂપતિ,
ધર્મ પુન્યે ન્યાયે બનો યુધિષ્ઠિરરાય સમા,
પ્રજાનું પાલન કરો લોકહિત સુહતિ,
રાજ્યમાં સ્ત્રી પુરુષોમાં વિદ્યાનો ફેલાવ થાઓ,
ગ્રામજીવનની થાઓ સદોદિત ઉન્નતિ,
ક્ષેત્રમાંહી પાકો અન્ન બહોળું ખેડૂત સારુ,
તરુવર ફળો ને સ્વાદિષ્ટ ઉતરો અતિ ૧.

રાજને પ્રજાની રહો આરોગ્યતા શરીરની,
વધો તેનું બળ રહો ચંચલતા મનની,
વ્યાયામ ઉપર પ્રજા પાલકનો મોહ વધો,
લષ્કરી રૈયત બનો તેવાજ મહિપતિ,
દેશની કરવા સેવા પ્રજાને અભંગ થાઓ
ધંધા રોજગારની વ્યાપારે રહો ભરતી,
દરીયા બંદરનું સ્વામીત્વ રહો રાજનનું,
કળાને કૌશલ્યતા એ રાજ્યે થાઓ શોભતી. ૨

સયાજીરાવના પૌત્ર દાદાજી સમાન દીપો,
દાદાથી અધિક કરો કીર્તિભર્યાં કામની,
ગુર્જર નરેશ ગુજરાતને દિપાવો હિન્દ,
આપો સુખ શાંતિ સદા સંભારી શ્રીરામને,

વડોદરા રાજ્ય વખણાયું વધુ વખણાઓ,
રાજ્યમાં ભરજો નીતિ પ્રભુ કોષે દામને
પ્રતાપી પ્રતાપસિંહને પ્રભુ પ્રસન્ન રહો,
જેઠમ જણાવે અભિલાષા ઘનશામને. ૩

રાજ્યમાં પ્રવાસ કરી પૂરો પ્રજાકેરી આશ,
સંકટના સરીગત વિક્રમસમા થજો,
દંપતીનું જોડું પીઓ અરસપરસ પ્રેમ,
આજ્ઞાપાલ નારી ગુણવાન સંતતિ હજો,
મળજો મંત્રીઓ વી. ટી. કૃષ્ણમાચારી સમાન,
કુટુંબપાલક થઈ સંબંધીમાં શોભજો,
વિદ્વાન વિલાસી થઈ પોષજો પંડિત કવિ,
જેઠમ દાતાર થઇ આશ્રિતને રીઝજો. ૪